dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 192 | AD - 2025, Chaitra Vad - 04 | Thursday, Dt.17-04-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### વિરોધ કરી રહેલા કોંગ્રેસ કાર્યકરોને પોલીસે પાર્ટી ઓફિસની બહાર અટકાયતમાં લીધા

## સોનિયા અને રાહુલ ગાંધી સામે ચાર્જશીટ રજૂ થતા કોંગ્રેસ કાર્યકરોનું વિરોધ પ્રદર્શન

નવીદિલ્હી,તા.૧૫

નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વિરુદ્ધ ઈડી ચાર્જશીટને લઈને કોંગ્રેસ પાર્ટીના કાર્યકરોએ દિલ્હી સ્થિત કોંગ્રેસ કાર્યાલય ખાતે કેન્દ્ર સરકાર વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિરોધ કરી રહેલા કોંગ્રેસ કાર્યકરોને પોલીસે પાર્ટી ઓફિસની બહાર અટકાયતમાં લીધા હતાં. કેન્દ્ર અને કેન્દ્રીય એજન્સીઓ સામે કોંગ્રેસના વિરોધ પ્રદર્શનમાં, પાર્ટીના નેતા સુપ્રિયા શ્રીનાતે કહ્યું, ‘‘આપણા લોકો ગુસ્સે છે, જનતા ગુસ્સે છે, કોંગ્રેસના કાર્યકરો ગુસ્સે છે. છેલ્લા દિવસે તમને ૧૨ વર્ષ જૂના ખોટા કેસમાં ચાર્જશીટ દાખલ કરવાનું યાદ આવ્યું. તમે ચાર્જશીટમાં મની લોન્ડરિંગના આરોપો લગાવ્યા હતા, જ્યારે એક પણ પૈસાનો વ્યવહાર થયો ન હતો, એક પણ મિલકત ટ્રાન્સફર કરવામાં આવી ન હતી, જ્યારે યંગ ઈન્ડિયા એક બિન-લાભકારી સંસ્થા છે. સત્ય એ છે કે આ નરેન્દ્ર મોદીની બદલાની રાજનીતિ છે. અમે તેનો કોર્ટમાં સામનો કરીશું. પરંતુ તમે લોકોનો ગુસ્સો, અમારા કાર્યકરોનો ગુસ્સો જોઈ શકો છો. આ દર્શાવે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમારા નેતાઓથી અને અમારા દ્વારા ઉઠાવવામાં આવેલા તમામ મુદ્દાઓથી ડરે છે. તેઓ કોંગ્રેસના સંગઠનાત્મક માળખાથી ડરે છે. રાહુલ ગાંધી એવી વ્યક્તિ છે જે તમારાથી ડરતી નથી. આ એક નકલી કેસ છે. રાહુલ ગાંધી દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓએ તમને ખુલ્લા પાડ્યા છે.’’ કેન્દ્ર સરકાર વિરુદ્ધ કોંગ્રેસના વિરોધ પ્રદર્શનમાં કોંગ્રેસના નેતા સચિન



પાયલોટે કહ્યું, ‘‘જો આપણે તથ્યો જોઈએ તો તેમાં કોઈ તથ્ય નથી. આ રાજકીય રીતે પ્રેરિત કેસ છે, તેને લાંબા સમયથી ખેંચવામાં આવ્યો છે. રાહુલ ગાંધી, સોનિયા ગાંધીને જાણી જોઈને નિશાન બનાવવામાં આવ્યા છે. આ દુર્ભાવનાપૂર્ણ ઈરાદાથી કરવામાં આવ્યું છે. અમે તાજેતરમાં ગુજરાતમાં એક પરિષદનું આયોજન કર્યું હતું, અમે પાર્ટીને પુનર્જીવિત કરવા માટે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છીએ, તેમને તે ગમતું નથી, તેથી કેન્દ્ર સરકારે જાણી જોઈને આ પગલું ભર્યું છે.’’ કોંગ્રેસના સાંસદ ઈમરાન પ્રતાપગઢીએ કહ્યું, ‘‘જે એજન્સી દ્વારા આ લડાઈ કોર્ટમાં લાવવામાં આવી છે તેનો એકમાત્ર હેતુ વિપક્ષને હેરાન કરવાનો છે. ગુજરાતમાં એક કોન્ફરન્સ છે, રાહુલ ગાંધી મોડાસા પહોંચે છે અને અહીં ચાર્જશીટ દાખલ કરવામાં આવે છે. ભાજપ આગામી બિહાર ચૂંટણી, ગુજરાતમાં કોંગ્રેસ પાર્ટીની સક્રિયતા, આગામી આસામની ચૂંટણીમાં સંભવિત હાર, ૪૦૦ પાર કરવાના નારા પછી ૨૪૦ પર ફસાઈ જવાને કારણે વિપક્ષને સંપૂર્ણપણે કચડી નાખવા માંગે છે. પરંતુ ભાજપ ભૂલી જાય છે કે ગાંધી પરિવારે જ દેશ માટે આટલા બલિદાન આપ્યા છે.’’ એ યાદ રહે કે સોનિયા અને રાહુલ ગાંધી ઉપરાંત, કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ સેમ પિત્રોડા અને સુમન દુબેને પણ એજન્સીની ચાર્જશીટમાં સહ-આરોપી બનાવવામાં આવ્યા છે. નેશનલ હેરાલ્ડ મની લોન્ડરિંગ કેસમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્ય લોકો વિરુદ્ધ દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવ્યા બાદ કોંગ્રેસે આજે રાજ્યો અને જિલ્લા સ્તરે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ઓફિસો સામે કેન્દ્ર વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કર્યા હતાં. નેશનલ હેરાલ્ડ કેસમાં મની લોન્ડરિંગના આરોપસર તપાસ એજન્સીએ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્ય લોકો વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી છે.

## છત્તીસગઢના બે જિલ્લામાં પોલીસ સાથેની અથડામણમાં વધુ બે નક્સલીને ઠાર મરાયા

નારાયણપુર,તા.૧૬

છત્તીસગઢના નારાયણપુર અને કોંડાગાંવ જિલ્લાની સરહદ પર પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું છે. બંને બાજુથી થયેલા ગોળીબારમાં જવાનોએ બે નક્સલીઓને ઠાર માર્યા હતા. માર્યા ગયેલા નક્સલીઓમાં, હલદર ડીવીસીએમ (ડિવિઝનલ કમિટી મેમ્બર) પર ૫ લાખ રૂપિયા અને રામે એસીએમ




(એરિયા કમિટી મેમ્બર) પર ૫ લાખ રૂપિયાનું ઈનામ હતું. મૃતદેહ સાથે AK-૪૭ જેવા ઓટોમેટિક હથિયારો પણ મળી આવ્યા છે. સૈનિકોએ ૨૦૨૫ માં અત્યાર સુધીમાં ૧૪૮ નક્સલીઓને ઠાર માર્યા છે. પોલીસને માહિતી મળી હતી કે કોંડાગાંવ અને નારાયણપુર જિલ્લાની સરહદ પર આવેલ કિલમ-બરગુમ વિસ્તારમાં નક્સલવાદીઓનો મેળાવડો છે. આ માહિતીના આધારે, ૧૫ એપ્રિલના રોજ DRG (ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ) અને બસ્તર ફાઈટર્સની ટીમને ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. સર્ચિંગ દરમિયાન, સાંજે પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું હતુ.

## તહવ્વુર રાણાએ કેનેડામાં યુવાનોને કટ્ટરપંથી વિચારધારા સાથે જોડ્યા હોવાનો થયો ખુલાસો

નવીદિલ્હી,તા.૧૬

જ્યારથી મુંબઈ આતંકવાદી હુમલાનો આરોપી તહવ્વુર રાણા ભારતની પકડમાં છે, ત્યારથી ઘણા રહસ્યો સ્તર-દર-સ્તર પર ખુલી રહ્યા છે. હવે એ વાત સામે આવી છે કે કેનેડામાં રહેતા રાણાએ યુવાનોને કટ્ટરપંથી વિચારધારા સાથે જોડ્યા હતા અને ’મરકઝ-ઉદ-દાવત-વાલ-ઈર્શાદ’ નામના કટ્ટરપંથી સંગઠન દ્વારા લોકોને



ગેરમાર્ગે દોર્યા હતા. આ સંગઠન પાછળથી ’જમાત-ઉદ-દાવા’ તરીકે જાણીતું બન્યું, જે લશ્કર-એ-તૈયબા સાથે પણ જોડાયેલું છે. તપાસ એજન્સીઓએ ખુલાસો કર્યો છે કે રાણાનો હિઝબુલ મુજાહિદીનના ૩૧૩ બ્રિગેડ સાથે પણ સીધો સંબંધ હતો, જેનું નેતૃત્વ ઈલ્યાસ કાશ્મીરી કરી રહ્યા હતા. તહવ્વુર રાણાએ પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઈએસઆઈની મદદથી ભારત અને કેનેડામાં ભંડોળ અને ભરતીનું નેટવર્ક બનાવ્યું હતું. તેમણે દિલ્હીમાં નેશનલ ડિફેન્સ કોલેજ, મુંબઈમાં ચાબડ હાઉસ, શિવસેના મુખ્યાલય અને સિદ્ધિવિનાયક મંદિર જેવા ઉચ્ચ કક્ષાના સ્થળોની રેકી કરવામાં મદદ કરી હતી.

પાંચમી માસિક પુણ્યતિથિએ સહૃદય
શ્રદ્ધાંજલિ



સ્વ.પાવન કિશોરભાઈ પટેલ (ભાયાણી) સ્વ.તા.૧૭-૧૧-૨૦૨૪

એવી નજર હવે કયાંથી લાવવી કે તને યાદ કરીએ ત્યાં તારો પ્રત્યક્ષ અનુભવ થાય અમને
હજુ જરૂર હતી તારી ત્યાં કુદરતને ખજાને કયા ખોટ પડી કે ઈશ્વરે તેમના ચરણોમાં
તને સમર્પિત કર્યો, પ્રભુ તારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

લી.

ભરતભાઈ દેવચંદભાઈ ભાયાણી
નિતિન ભરતભાઈ ભાયાણી
લક્ષ્ય મહેશભાઈ ભાયાણી
કિશોરભાઈ દેવચંદભાઈ પટેલ (ભાયાણી)
અરવિંદાબેન કિશોરભાઈ પટેલ
ખુશ્બુ પિયુષકુમાર ગોંડલીયા
ભગવાનભાઈ કેશવભાઈ ભાયાણી
મહેશભાઈ ભગવાનભાઈ ભાયાણી
કિરીટભાઈ ભગવાનભાઈ ભાયાણી

ભાયાણી પરિવાર
સર્જન કન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમિટેડ પરિવાર - રાજુલા

# અમરેલી જિલ્લામાં રેતીના પ્રશ્ન બાબતે ધારાસભ્ય મહેશ કસવાલાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

**રેતીનાં ભાવને કારણે બાંધકામનો વ્યવસાય ઠપ્પ**

સાવરકુંડલા,તા.૧૬

અમરેલી જિલ્લામાં રેતીના પ્રશ્ન બાબતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર પાઠવી રજૂઆત કરી છે કે, જિલ્લામાં કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા વિકાસના અનેક મહત્વપૂર્ણ કાર્યો કરવામાં આવી રહ્યા છે. જેમ કે રોડ- રસ્તા, નાળા, પુલો, નાના અને મોટા ચેકડેમ, શિક્ષણ સંસ્થાઓ, દવાખાનાઓ અને હોસ્પિટલો, રેલવે વિભાગના કામો, ગામડાઓમાં સરકારના વિવિધ આયોજનની ગ્રાન્ટોના કામો, ગરીબ અને મધ્યમ વર્ગના



નાગરિકોના ઘરોના બાંધકામો હાલમાં અટકી પડ્યા છે. રેતીની તંગીને કારણે કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ વિભાગના કામો મંદગતિએ ચાલી રહ્યાં છે. શ્રમિકો રોજગાર વિનાના રહે છે. અમરેલી જિલ્લામાં તાત્કાલિક ધોરણે રેતી લીઝ અને પરમિટ ફાળવવાની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવામાં આવે જેના કારણે રેતીચોરી અટકાવી શકાશે અને ગુણવત્તાયુક્ત રેતી ઉપલબ્ધ રહેશે તેમ અંતમાં ધારાસભ્યએ પત્રમાં જણાવાયું છે.

# ભાવનગર-મહુવા ટ્રેનનું ક્રોસિંગ લીલીયાને બદલે સાવરકુંડલા આપવા માંગણી

લીલીયા, તા.૧૬

લીલીયા મોટા રેલવે સ્ટેશને ભાવનગરથી મહુવાની ટ્રેન અને બીજી મહુવાથી ભાવનગરની ટ્રેનનો સ્ટોપ છે. આ બંને ટ્રેનનું ક્રોસિંગ લીલીયા રેલવે સ્ટેશને સાંજે ૪.૩૦ કલાકના અરસામાં થાય છે. અહીં એક પ્લેટફોર્મ યોગ્ય ઉંચાઈએ હોવાથી મુસાફરોને કોઈ અગવડતા



તસવીર : મહેશ દવે

પડતી નથી. પરંતુ ભાવનગરથી મહુવા જતી ટ્રેનમાં જવા માટે પ્લેટફોર્મ પર ટ્રેન ઊભી હોય છે ત્યારે મુસાફરોને પાટા ઓળંગીને ત્યાં જવું પડે છે અને તે પ્લેટફોર્મ ખૂબ ઉંચું છે. આથી વૃદ્ધો, મહિલાઓ, બાળકો, બીમાર લોકોને ખૂબ જ તકલીફ પડે છે. આથી સ્થાનિક લોકોની માગણી છે કે, આ ટ્રેનનું ક્રોસિંગ સાવરકુંડલા આપવામાં આવે તો મુસાફરોને ચડવા-ઉતરવામાં અનુકૂળતા રહેશે. ત્યાં પ્લેટફોર્મ યોગ્ય ઉંચાઈએ છે.

# સાવરકુંડલા નગરપાલિકાના કરાર આધારિત ચીફ ઓફિસરને છુટા કરાયા

સાવરકુંડલા, તા.૧૬

પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓ-ભાવનગર દ્વારા સાવરકુંડલાનાં ચીફ ઓફિસરને છૂટા કરવાનો આદેશ કરાયો હતો. સાવરકુંડલા નગરપાલિકા ખાતે કરાર આધારિત ચીફ ઓફિસર તરીકે હસમુખ બોરડ સેવા બજાવી રહ્યા હતા. સાવરકુંડલા સાથે દામનગર નગરપાલિકાનો ચાર્જ પણ ચીફ ઓફિસર હસમુખ બોરડ સંભાળતા હતાં. હસમુખ બોરડને તાત્કાલિક અસરથી છૂટા કરવામાં આવતાં પાલિકાના રાજકારણમાં ભારે હલચલ જોવા મળી છે. હાલ તુરંત જાફરાબાદ પાલિકાના ચીફ ઓફિસર ભાવનાબેન ગૌસ્વામીને સાવરકુંડલા નગરપાલિકાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

# ભુરખીયા હનુમાનજી મંદિર ખાતે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

અમરેલી, તા.૧૬

લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલના સાઈટ ફર્સ્ટ પ્રોજેક્ટ હેઠળ લાયન્સ કલબ ઓફ અમરેલી (સિટી), શ્રી ભુરખીયા હનુમાનજી ટ્રસ્ટ તથા શ્રી ભુરખીયા ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તેમજ રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર -મુંબઈના આર્થિક સહયોગ દ્વારા અને સુદર્શન નેત્રાલયના સહયોગથી કેમ્પમાં વિનામૂલ્યે નેત્ર નિદાન અને



નેત્રમણી આરોપણ કેમ્પનું શ્રી ભુરખીયા હનુમાનજી મંદિર મુકામે તા. ૧૬ને બુધવારે આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં આંખના તમામ રોગોની તપાસ નિષ્ણાત ડોક્ટર દ્વારા કરવામાં આવેલ હતી. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી આરોપણ કરી આપવામાં આવેલ હતી. આ કેમ્પમાં ૧૫૬ દર્દીઓએ લાભ લીધો હતો અને ૪૪ દર્દીઓને અમરેલી સુદર્શન નેત્રાલયમાં લાવી નેત્રમણી આરોપણ કરવામાં આવી હતી. આ કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સિટી) તરફથી સેક્રેટરી ભદ્રેશસિંહ પરમાર, લાયન ઋજુલભાઈ ગોંડલીયા વગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી.

# જિલ્લામાં અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી તા. ૨૩મીએ રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી, તા.૧૬

અમરેલી જિલ્લાના યુવા અને ઉત્સાહી રોજગાર ઈચ્છુકો માટે રાજ્યના અગ્રગણ્ય એકમો માટે મશીન ઓપરેટર, આસી. બ્રાંચ મેનેજર (માર્કેટિંગ), બ્રાંચ મેનેજર (માર્કેટિંગ), એજન્ટ, ટ્રેઈની તેમજ ૧૮ થી ૪૦ વર્ષની વયમર્યાદા અને ખાલી જગ્યાઓને અનુરુપ ધોરણ ૭ થી ધો.૧૦ પાસ, ધો.૧૨, આઈ.ટી.આઈ., સ્નાતક, ડિપ્લોમા મિકેનિકલની શૈક્ષણિક લાયકાત ધરાવતા રોજગાર ઈચ્છુકો માટે અનુબંધમ વેબપોર્ટલના ડિજિટલ માધ્યમથી ભરતી મેળાનું આયોજન અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા કરવામાં આવ્યું છે. ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ડુંગર રોડ, રાજુલા ખાતે તા.૨૩ એપ્રિલને બુધવારના રોજ સવારે ૧૧ વાગ્યે યોજાનાર છે.

# રાજુલાના કથીવદર ગામે મનરેગા યોજના હેઠળ રાહત કામ શરૂ

રાજુલા, તા.૧૬

રાજુલા તાલુકાના કથીવદર ગામે પરા વિસ્તારમાં ઘણા વર્ષોથી પડતર પ્રશ્ન હતો કે, ખાડીનું ખારુ પાણી વાવણીલાયક ખેતીની જમીન અને ગામમાં ઘૂસી જતું હતું. આથી તે અટકે અને વરસાદી પાણીનો સંગ્રહ થાય તે જરૂરી હતું. આ કામ માટે મનરેગા હેઠળ ગ્રામજનોને રોજગારી મળી રહે તે હેતુસર ઉપસરપંચ મનીષાભાઈ સોલંકીના પ્રયાસથી તા.૧૬ના રોજ પાળા બાંધવાનું માટી કામ (રાહત કામ) સરપંચ બાબુભાઈ



દ્વારા આઈસ્ક્રીમ ખવડાવીને શરૂ કરવામાં આવ્યું હતું. આ તકે મનરેગા વિભાગમાંથી પરેશભાઈ વાઘ અને આશિષભાઈ કુંભારીયાએ માર્ગદર્શન આપ્યું હતું.

# દામનગરમાં ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મ જયંતીની ઉજવણી કરાઈ

દામનગર, તા.૧૬



ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મ જયંતી નિમિત્તે દામનગરમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ તકે વિવિધ સામાજિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ સમાજના આગેવાનોએ ડૉ. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના યોગદાનને યાદ કર્યું હતું.

# રાજુલામાં એસ.ટી.કર્મચારીઓ દ્વારા મુસાફરોને પાણીની બોટલનું વિતરણ

રાજુલા,તા.૧૬

રાજુલા એસ.ટી.બસ સ્ટેશનમાં એસ.ટી.કર્મચારીઓએ મુસાફરો માટે પાણીની બોટલનું વિતરણ કર્યું હતું. રાજુલા એસ.ટી.ના કર્મચારી ભરતભાઈ વરૂ દ્વારા આવી કાળઝાળ ગરમીમાં મુસાફરોને રાહત મળે તે માટે ડેપો મેનેજરના માર્ગદર્શન નીચે ૧૦૦૦ પાણીની બોટલનું વિતરણ



તસવીર : ગોપાલ રાઠોડ

કરવામાં આવ્યું હતું. રાજુલા ડેપોમાં આવતી-જતી બસમાં એસ.ટી.કર્મચારીઓ દ્વારા સેવાકિય કાર્ય કરવામાં આવતા મુસાફરોએ એસ.ટી.કર્મચારીઓની કામગીરી વખાણી હતી.

# ધારીમાં ડો. આંબેડકરની ૧૩૪મી જન્મ જયંતીની ઉજવણી કરાઈ

ધારી, તા.૧૬

ધારીમાં ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. ડો.આંબેડકરની જન્મ જયંતીએ વિશાળ રેલી યોજાઈ હતી. રેલીમાં આવેલા મહેમાનોને ડો.રવજીભાઈ ગાબાણી અને કેતનભાઈ



સોની(નિલકંઠ જ્વેલર્સ) વાળાનાં સહયોગથી પુસ્તકો આપવામાં આવ્યા હતા. રેલીમાં હાજર રહેલ નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, સમાજે સરકારી યોજનાઓનો ભરપુર લાભ ઉઠાવી આગળ વધવુ જોઈએ. સાંસદ ભરતભાઈ સુતરીયાએ જણાવ્યું હતું કે, બંધારણની રચનાને કારણે હું દિલ્હી સુધી પહોંચી શક્યો છું. સમગ્ર કાર્યક્રમનાં આયોજક શાંતિલાલ પરમાર રહ્યાં હતા.

# વડીયાના મોટા ઉજળા ગામે બાલદિવસની ઉજવણી કરાઈ

અમરેલી,તા.૧૬

વડીયા તાલુકાના મોટા ઉજળા ગામે આંગણવાડી કેન્દ્ર ખાતે બાલદિવસ અને બાળકોના જન્મદિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બાળકોને સ્વાદિષ્ટ બાળભોગનું વિતરણ કરવામાં આવ્યું હતું, સાથે જ ઉપસ્થિત



વાલીઓને પોષણ આહારના મહત્વ વિશે માહિતી આપવામાં આવી હતી. આંગણવાડી સુપરવાઈઝર, આંગણવાડી વર્કર અને હેલ્પર બહેનોએ સુંદર રંગોળી બનાવી હતી. આ ઉજવણીમાં બાળકો અને તેમના વાલીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બાળકો માટે આંગણવાડી પરિવાર દ્વારા બાળદિવસની ઉજવણી એક યાદગાર સંભારણું બની ગયુ હતું.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી
94281 45595
New Number
97230 67130
હર્ષદ સંધાણી
98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવત્તાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ



મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

છેલ્લાં ત્રણ વર્ષથી રોડ પર ધૂળની ડમરી અને મસમોટા ખાડાથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા હતા

# બગસરામાં માથાના દુઃખાવારૂપ રસ્તાના નવીનીકરણ માટે રૂા.૨.૨૩ કરોડ મંજૂર

**કુંકાવાવ નાકા પાસેથી આઈટીઆઈ સુધી ડિવાઈડર સાથે આરસીસી રોડ બનશે**

બગસરા, તા.૧૬

બગસરામાં કુંકાવાવ નાકા પાસેથી આઈટીઆઈ સુધીનો માથાના દુઃખાવારૂપ રસ્તો બનાવવા માટે રાજય સરકારે રૂા.૨.૨૩ મંજૂર કરતા વહીવટી મંજૂરી આવી ગયા બાદ ટૂંક સમયમાં આ રસ્તાનું નવીનીકરણ હાથ ધરવામાં આવશે. બગસરામાં નાયરા પંપ પાસેનો રસ્તો છેલ્લાં ત્રણ વર્ષ કરતા વધારે સમયથી બિસ્માર હાલતમાં હોય અને ધૂળની ડમરી ઉડતી હોવાથી વાહનચાલકો તોબા પોકારી ઉઠયા હતા. અમરેલી જવાનો મુખ્ય માર્ગ હોવાથી લોકો પણ ભારે હાલાકી ભોગવી રહ્યા હતા. જેથી આ રસ્તાનું નવીનીકરણ કરવા માટે રાજય સરકારે રૂ.૨.૨૩ કરોડ રૂપિયાની ફાળવણીની સાથે સૈધ્ધાંતિક મંજૂરી આપી દેતા પાલિકાએ વહીવટી મંજૂરી માટે પ્રાદેશિક કમિશનર કચેરીમાં દરખાસ્ત મોકલી છે. આ અંગે પાલિકા પ્રમુખ જયોત્સનાબેન રીબડીયાએ જણાવ્યું હતું કે, વહીવટી મંજૂરી આવ્યા બાદ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. આ માર્ગ આરસીસીથી મઢવામાં આવશે અને ડિવાઈડર સાથે વીજપોલ નાખવામાં આવશે. આમ, આ રોડ માટે ગ્રાન્ટ મંજૂર થતા લોકોની હાલાકીનો અંત આવશે.

# ખાંભા તાલુકામાં લાપાળા ડુંગરથી જીકીયાળી સુધી રૂા.૭.૧૭ કરોડના રોડનું ખાતમુહૂર્ત

ખાંભા, તા.૧૬



ખાંભા તાલુકાના લાપાળા ડુંગરથી જીકીયાળી ગામની સરહદ સુધીના અતિ મહત્વના રોડનું બુધવારે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ધારી, બગસરા અને ખાંભા વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડીયાના વરદ હસ્તે આ રૂા. ૭.૧૭ કરોડના વિકાસ કાર્યનો શુભારંભ થયો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પૂર્વ ચેરમેન અને સદસ્ય કાળુભાઈ ફિંડોલીયા, જિલ્લા પંચાયત ચેરમેન અરવિંદભાઈ ચાવડા, જિલ્લા ભાજપ મંત્રી અંબરીષ જોશી, તાલુકા પંચાયત પ્રમુખ ભીખાભાઈ સરવૈયા, ઉપપ્રમુખ હમીરભાઈ ભરવાડ, કારોબારી ચેરમેન મુકેશભાઈ માંગરોળીયા, ભાણીયા ગામના સરપંચ ભગતભાઈ ભમ્મર સહિત તાલુકા અને જિલ્લાના અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ખાંભા ગ્રામ પંચાયતના સરપંચ અને ભાજપ અગ્રણી બાબાભાઈ ખુમાણે પણ આ વિકાસ કાર્યને આવકાર્યું હતું. આ રોડ બનવાથી ખાંભા વિસ્તારના વિકાસને નવી ગતિ મળશે. ખાંભાથી સાવરકુંડલા શહેર તરફ જતા વાહનચાલકો માટે આ માર્ગ વધુ સરળ અને સુગમ બનશે.

# જિલ્લામાં છરી, લાકડી, ધોકા સાથે ત્રણ શખ્સો ઝડપાયા

**પોલીસે જાહેરનામાના ભંગ બદલ ફરિયાદ નોંધી**

અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લામાં અધિક કલેકટરનું જાહેરનામુ હોવા છતાં જાહેરનામાનો સરેઆમ ઉલાળીયો કરવામાં આવી રહ્યો છે. જેથી જાહેરનામાનો ભંગ કરનાર શખ્સો સામે પોલીસે કડક કાર્યવાહી કરી છે. બાબરાના ત્રંબોડા ગામે રહેતા શીવરાજ બાવકુભાઈ વાળા પાસેથી પોલીસે લાકડી કબજે કરી હતી. જયારે રાજુલા તાલુકાના જુની કાતર ગામે અવેજ હનીફભાઈ કાદરી પાસેથી પોલીસે છરી કબજે કરી હતી તેમજ બાબરાના સુકવડા ગામેથી હિતેષ મનસુખભાઈ સોલંકી પાસેથી પોલીસે લાકડાનો ધોકો કબજે કર્યો હતો. આ તમામ શખ્સો સામે પોલીસે જાહેરનામાના ભંગ બદલ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

# વડીયામાં ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મ જયંતીની ભવ્ય ઉજવણી, શોભાયાત્રા નીકળી

**વડીયા પોલીસ સ્ટેશન અને મામલતદાર કચેરી તેમજ ગ્રામ પંચાયત ખાતે બાબાસાહેબની પ્રતિમાને હારતોરા કરાયા**

વડીયા, તા.૧૬



વડીયામાં ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મ જયંતી નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરમાં આવેલ ડો. બાબાસાહેબ આંબેડકરના સ્ટેચ્યૂને પ્રથમ ફુલહારથી શણગારવામાં આવ્યું હતું, ત્યારબાદ શહેરમાં વિશાળ શોભાયાત્રા નીકળી હતી. વડીયાની મુખ્ય બજારમાં ડીજેના તાલે શોભાયાત્રા યોજાઈ હતી. ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતી નિમિત્તે વડીયા પોલીસ સ્ટેશન અને મામલતદાર કચેરી તેમજ ગ્રામ પંચાયત ખાતે પણ પ્રતિમાને હારતોરા કરવામાં આવ્યા હતા. વડીયા આંબેડકર હોલથી શરૂ થયેલી શોભાયાત્રા મુખ્ય બજારમાં ફરી ગાંધી ચોક સુધી પહોંચી હતી, જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને આગેવાનો સહિત અનેક લોકો જોડાયા હતા.

# ઓલ ઈન્ડિયા યુથ કોંગ્રેસ દ્વારા અમરેલીમાં સભ્ય નોંધણી અભિયાન

અમરેલી,તા.૧૬



ઓલ ઈન્ડિયા યુથ કોંગ્રેસ દ્વારા અમરેલીમાં સભ્ય નોંધણી અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ દ્વારા અમરેલી જિલ્લામાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. યુથ કોંગ્રેસના કોર્ડિનેટર સંદીપ કુમારે આ કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. આ અભિયાનનો હેતુ યુવાનોને કોંગ્રેસ પાર્ટી સાથે જોડવાનો અને યુવાનોને રાજકીય રીતે સક્રિય કરવાનો છે. આ અભિયાન હેઠળ, યુવાનોને કોંગ્રેસ પાર્ટીના સભ્ય બનવાની તક મળશે અને તેઓ પાર્ટીના વિવિધ કાર્યક્રમોમાં ભાગ લઈ શકશે.

## અવસાન નોંધ

**બગસરા**

બગસરા નિવાસી સૌરાષ્ટ્ર ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સ્વ.નવલશંકર મુલશંકર પંડયાના ધર્મપત્ની ગં.સ્વ. નર્મદાબેન ઉંમર વર્ષ ૯૫ તે ધર્મેન્દ્રભાઈ, સંજયભાઈ, માલતીબેન (જામનગર) તથા હીનાબેન વ્યાસ (તળાજા)ના માતુશ્રી તથા નિકુંજ (રાજકોટ), હેતવીબેન (સુરત)ના દાદીમાનું તા. ૧૬ ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. જેમનું બેસણું ૧૭ને ગુરૂવાર સાંજે ૪ થી ૬ કામદાર શેરી, સોની બજાર બગસરા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

મર્હુમ હાજીવજીરખાન ફતેખાન પઠાણ (રૂવાળા) (ઉ.વ.૯૨) તા.૯/૪/૨૫ને બુધવારના રોજ ખુદાની રહેમત પહોંચી ગયેલ છે. સદ્ગતનું બેસણું (હિન્દુભાઈઓ માટે) તા.૧૭/૪/૨૫ને ગુરુવારના રોજ સાંજે ૫ થી ૬:૩૦ કલાકે અમારા નિવાસસ્થાને લીંમડી ચોક, તળીનાકા પાસે, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

નજમુદીનભાઇ મુ. હુસેનભાઈ(સોડાવાળા) (ઉ.વ.૭૮) રશીદાબેનના શોહર તથા મકબુલભાઈ તથા શબનમબેન (તસ્નીમબેન) અબ્બાસભાઇ બરવાલાના પપ્પા તથા મલેકાબેન મકબુલભાઈના સસરા તા:૧૬/૦૪/૨૫ને બુધવારના રોજ વફાત થયેલ છે. મર્હુમની જીયારાત તથા ચાલીસમાંના ફાતેહાના સિપારા તા.૧૮/૦૪/૨૫ને શુક્રવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે ઇઝઝી મસ્જીદ સાવરકુંડલા ખાતે રાખેલ છે

**સાવરકુંડલા**

મર્હુમ ઈકબાલભાઈ ઈસ્માઈલભાઈ કુરેશી લીલીયાવાળા(સાવરકુંડલા નગરપાલિકા નિવૃત્ત કર્મચારી) કુરેશી ઇરશાદભાઈ ઈકબાલભાઈ, કુરેશી આસિફભાઈ ઈકબાલભાઈ (સાવરકુંડલા નગરપાલિકા કાઉન્સિલર), કુરેશી અકરમભાઈ ઈકબાલભાઈ (હોમગાર્ડ)ના પિતા અલ્લાહની રહેમતમાં પહોંચી ગયેલ છે. તેમની જીયારત તા.૧૮/૪/૨૫ને શુક્રવારના રોજ સવારે ૧૦ થી ૧૧ કલાકે મદીના મસ્જિદમાં રાખેલ છે. ઔરતોની જીયારત મુહમદીબાગ સિપાઈ જમાતખાનામાં રાખેલ છે અને હિન્દુ તથા મુસ્લિમ ભાઈઓની જીયારત સાંજે ૪ થી ૬ કલાકે સિપાઈ જમાતખાના આઝાદ ચોક ખાતે રાખેલ છે.


**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 007

**સંકુલ ઈંગ્લીશ મિડીયમ - ઓછી ફી - સારૂ શિક્ષણ**

| | | | |
|---|---|---|---|
| નર્સરી & KG ઈ.મી. | ૬૨૦૦ | ધો. ૧ થી ૫ – ICSE બોર્ડ | ૯૬૦૦ |
| ધો. ૧ થી ૫ – GSEB બોર્ડ | ૮૦૦૦ | ધો. ૬ થી ૮ – ICSE બોર્ડ | ૧૧૬૦૦ |
| ધો. ૬ થી ૮ – GSEB બોર્ડ | ૯૮૦૦ | ધો. ૯ – ૧૦ ICSE બોર્ડ | ૧૩૮૦૦ |
| ધો. ૯ – ૧૦ GSEB બોર્ડ | ૧૧૬૦૦ | હોસ્ટેલ લવાજમ ધો. ૬ થી ૮ | ૨૫૮૦૦ |
| ધો. ૧૧–૧૨ કોમર્સ GSEB | ૧૪૬૦૦ | હોસ્ટેલ લવાજમ ધો. ૯ થી ૧૨ | ૨૬૬૦૦ |
| ધો. ૧૧–૧૨ સાયંસ GSEB | ૨૭૨૦૦ | હોસ્ટેલ લવાજમ FY થી PG | ૨૮૨૦૦ |




વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances

**એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન)** મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭

કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

**નિત્યા સ્કીન કિલનીક**

સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર

- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

**ડો. જુહી ઠક્કર** M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

ઉપલબ્ધ સારવાર

- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ** M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00


## -:: જાહેર હરરાજી ::-

આથી જણાવવાનું કે, ચક્રાવા ગ્રામ પંચાયતની મુલાકાત દરમ્યાન નીચે દર્શાવ્યા પ્રમાણે નીચેની તમામ મિલ્કત જર્જરિત હાલતમાં છે. તો તેમને પાડી સમથળ કરવાની હોવાથી રસ ધરાવતી પાર્ટીએ વહિવટદારશ્રી ગ્રામ પંચાયત ચક્રાવા નો સંપર્ક કરવો.

| ક્રમ | મિલ્કતની વિગત | અપસેટ કિંમત રૂા. |
|---|---|---|
| ૧ | પાણીનો ટાંકો | રૂા. ૪૧૦૦/- |
| ૨ | બસ સ્ટેન્ડ | રૂા. ૪૨૦૦/- |
| ૩ | પ્રાથમિક શાળાની બાજુમાં પાણીનો ટાંકો | રૂા. ૩૨૦૦/- |

**નોંધઃ- (૧) રસ ધરાવતી પાર્ટીએ ડીપોઝીટ પેટે રૂા. ૫૦૦૦/- જમા કરાવવાના રહેશે. જે હરરાજી બાદ પરત આપવામાં આવશે. (૨) શરતોને આધિન હરરાજીમાં ફેરફાર કરવાનો અબાધિત અધિકાર ગ્રામ પંચાયત ચક્રાવાનો રહેશે. (૩) શરતો અને બોલીઓ હરરાજીનાં દિવસે સ્થળ પર રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે. (૪) જર્જરિત મિલ્કત પાડતી વખતે આજુબાજુની મિલ્કતને નુકશાન ન થાય તેનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે.**

**હરરાજીનું સ્થળ : ગ્રા. પં. ચક્રાવા. તા. ખાંભા. જી. અમરેલી.**
**સમય : સવારે ૧૦:૩૦ કલાકે - તારીખ : ૨૮/૦૪/૨૦૨૫ સોમવાર**

**વહિવટદારશ્રી** ગ્રા. પં. ચક્રાવા તા. ખાંભા. જી. અમરેલી. | **ત.ક.મંત્રીશ્રી** ગ્રા. પં. ચક્રાવા તા. ખાંભા. જી. અમરેલી.

## મામલતદાર અને તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૬૨/૨૫ તા. /૦૪/૨૦૨૫

**વિવાદી-** શ્રી હરેશભાઈ ખોડાભાઈ કાપડીયા રહે.સુરત હાલ-ધરાઈ, તા.બાબરા, જિ.અમરેલી.

**- //વિરૂધ્ધ//-**

**પ્રતિવિવાદીઃ-** જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત ધરાઈ, તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(જન્મ દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **બાબરા** તાલુકાના **મોજે.ધરાઈ** ગામના રહીશ આ કામના અરજદારશ્રી **હરેશભાઈ ખોડાભાઈ કાપડીયાનો જન્મ તા.૨૦/૧૨/૧૯૮૭ ના રોજ મોજે- ધરાઈ, તા.બાબરા, જિ.અમરેલી** મુકામે થયેલ હોય જે તે સમયે તેમના **જન્મ** ની નોંધ કરાવેલ ન હોય જન્મ/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં **તા.૦૩/૦૩/૨૦૨૫** થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ **જન્મ નોંધ** દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૦૪/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર બાબરા**

## -//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૪૫/૨૦૨૫

**અરજદાર :-** શ્રી કરશનભાઈ કડવાભાઈ કમાણી રહે. મોટા માચીયાળા, તા.જી.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી, -વ- તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ. લાલાવદર, તા.જી.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના લાલાવદર ગામમાં અરજદારશ્રી કરશનભાઈ કડવાભાઈ કમાણી તેઓના પુત્રી ચંદ્રિકાબેન કરશનભાઈ કમાણી ની જન્મ (તા.૦૧/૦૪/૧૯૮૦)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૦૮/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ અમરેલી ગ્રામ્ય**

## -//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૪૦/૨૦૨૫

**અરજદાર :-** શ્રી ખીમજીભાઈ પરબતભાઈ ઠુંમર રહે. મોટા આંકડીયા, તા.જી.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી, -વ- તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ. મોટા આંકડીયા, તા.જી.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામમાં અરજદારશ્રી ખીમજીભાઈ પરબતભાઈ ઠુંમર તેઓના પુત્રી ભાવનાબેન ખીમજીભાઈ ઠુંમર ની જન્મ (તા.૦૧/૦૬/૧૯૭૧)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૦૮/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ અમરેલી ગ્રામ્ય**

# અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતને કામગીરી બદલ ગૃહમંત્રીએ અભિનંદન પાઠવ્યા

અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લાના એસ. પી. સંજય ખરાતે ધારી તાલુકાના ઝર ગામમાં વ્યાજખોરી વિરુદ્ધ મહત્વપૂર્ણ કાર્યવાહી કરી એક સામાન્ય ખેડૂત પરિવારને ન્યાય અપાવ્યો છે. જયસુખભાઈ સોલંકી અને તેમના ભાઈએ ખેતી માટે વ્યાજખોર ડૉ. મેથીલ ફળદુ પાસેથી ૩ ટકા વ્યાજે ૫૦ લાખ રૂપિયા લીધા હતા.



દેવું ચૂકવવામાં અસમર્થ થતાં વ્યાજખોરે બળજબરીથી તેમની ૧૮ વિઘા જમીન પચાવી પાડી હતી, જેમાં કેરીનો બગીચો પણ સામેલ હતો. પીડિત પરિવારે અમરેલી એસ.પી. સમક્ષ રજૂઆત કરતાં, તાત્કાલિક ગુનો નોંધી પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની મધ્યસ્થીથી આરોપીએ જમીન ફરિયાદીના નામે પરત કરી હતી. આ સફળ કામગીરી બદલ ગૃહમંત્રીએ એસ.પી. સંજય ખરાતને અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યવાહી અમરેલી પોલીસની વ્યાજખોરી સામેની ઝુંબેશમાં એક ઉદાહરણરૂપ બની છે અને ભોગ બનનાર પરિવારે પોલીસનો આભાર માન્યો હતો.

# ધાતરવડી ડેમ-૧ નો સર્વે કર્યાબાદ રિપોર્ટ જાહેર ન થતા ખેડૂતોમાં રોષ

અમરેલી,તા.૧૬

રાજુલા પંથકમાં આવેલા ધાતરવડી ડેમ-૧ સામે ત્રણ બ્લેક ટ્રેપની ક્વોરી લીઝ કાર્યરત છે. આ ભરડીયાઓમાં થતા મોટા બ્લાસ્ટિંગથી ડેમને નુકસાન થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ધારેશ્વર, વાવેરા અને આગરીયા સહિતના આસપાસના ગામોના ખેડૂતોએ આ મુદ્દે વિરોધ



નોંધાવ્યો છે. તેમણે રાજુલા પ્રાંત કચેરીથી લઈને કલેક્ટર કચેરી સુધી ઘેરાવ અને સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ખાણ-ખનિજ વિભાગે થોડા દિવસો માટે બ્લાસ્ટિંગ બંધ કરવાની સૂચના આપી હતી. ડેમને થતા નુકસાનની ફરિયાદોને ધ્યાનમાં લઈ ISR ગાંધીનગરના સિસ્મોલોજિસ્ટ્સે એક મહિના સુધી સ્ટ્રૉંગ મોશન ઈન્વેસ્ટિગેશન સર્વે કર્યો હતો.

જો કે, દોઢ મહિનાથી વધુ સમય વીતવા છતાં હજુ સુધી સર્વે રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો નથી જેથી ખેડૂતોમાં ભારે રોષની આંધી જોવા મળી રહી છે.

# અમરેલીમાં પૂરપાટ ઝડપે કાર ચલાવી દીકરીને અડફેટે લેતા ઈજા

**દીકરીની માતાએ અજાણ્યા કારચાલક સામે પોલીસ ફરિયાદ નોંધાવી**

અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લામાં પૂરપાટ ઝડપે વાહન ચલાવવાને કારણે ઘણીવાર ગંભીર અકસ્માત થતા હોય જેમાં અમરેલીમાં રસ્તો ઓળંગી રહેલા માતા-દીકરીને એક અજાણ્યા કારચાલકે અડફેટે લેતા દીકરીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અમરેલીમાં રહેતા ચેતનાબેન પરેશભાઈ પરમારે પોલીસ ફરિયાદ નોંધાવી છે કે, તેની દીકરી સાથે રસ્તો ઓળંગી રહ્યાં હતા ત્યારે એક અજાણ્યો કારચાલકે બેફિકરાઈભર્યુ વાહન ચલાવી તેની દીકરીને અડફેટે લેતા દીકરીને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ કારચાલક નાસી ગયો હતો. જેથી ચેતનાબેને અજાણ્યા કારચાલક સામે અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# જિલ્લામાં મોડલ ફાર્મ બનાવવા ખેડૂતોને સહાય

અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પ્રાકૃતિક કૃષિના ૨૬૦ મોડલ ફાર્મ બનાવવામાં આવ્યા છે. આ ફાર્મમાં પ્રાકૃતિક ખેતીના આદર્શોને કેન્દ્રમાં રાખીને પ્રાકૃતિક ખેતી કરવામાં આવી રહી છે. અમરેલી આત્મા પ્રોજેક્ટ દ્વારા વિવિધ ખેડૂતોને આ મોડલ ફાર્મની વખતોવખત વિઝીટ કરાવવામાં આવે છે. જિલ્લામાં ૨૬૦ ખેડૂતોને મોડલ ફાર્મ માટે રૂપિયા ૩૫.૧૦ લાખની સહાય ચૂકવવામાં આવી



છે. આત્મા પ્રોજેક્ટ અમરેલી જિલ્લા નાયબ નિયામક મહેશ ઝીડે જણાવ્યું હતું કે જિલ્લામાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે તે માટે સતત વિવિધ સ્તરે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે સમજણ મળે તે માટે મોડલ ફાર્મની વિઝીટ કરાવવામાં આવે છે. આ દરમિયાન પ્રાકૃતિક કૃષિ વિશેના ખેડૂતોને મૂંઝવતા પ્રશ્નોનું પણ સમાધાન મળે છે. જિલ્લામાં પ્રાકૃતિક કૃષિના મોડેલ ફાર્મ બનાવવા રૂપિયા ૩૫.૧૦ લાખની સહાય ચૂકવવામાં આવી છે. ગુજરાત સરકાર પ્રાકૃતિક ખેતીના મોડલ ફાર્મ વિકસાવવા માટે ખેડૂતોને રૂપિયા ૧૩,૫૦૦ની સહાય પણ આપી રહી છે. ખેડૂતોને ઘન જીવામૃત બનાવવા માટે પાકુ સ્ટ્રક્ચર, બેરલ, ડોલ વિગેરે ખરીદવા માટે આ સહાય આપવામાં આવે છે. અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિના ૨૬૦ ખેડૂતોને રૂપિયા ૩૫.૧૦ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

# જિલ્લામાં રેઈડ દરમિયાન પોલીસે રહેણાંક મકાનમાંથી દેશી દારૂ ઝડપી પાડ્યો

અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લામાં દેશી દારૂનું ધૂમ વેચાણ થતું હોવાથી આવા ઈસમો સામે પોલીસે લાલઆંખ કરી છે. દેશી દારૂના દુષણને નાથવા માટે પોલીસે કમર કસી છે ત્યારે જિલ્લામાં ત્રણ સ્થળોએ દેશી દારૂનો ધંધો કરતા ઈસમો સામે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. સાવરકુંડલા તાલુકાના વંડા ગામે રહેતા મુકેશ લાલજી પરમારના કબજામાંથી પોલીસે પાંચ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. જયારે ખાંભા તાલુકાના કંટાળા ગામે અશોક બચુ રાઠોડ પોતાની મોટરસાયકલ પર ૧૫ લીટર દેશી દારૂ લઈને જતો હતો જેથી દારૂ પ્યાસીઓ સુધી પહોંચે તે પહેલા પોલીસે ઝડપી લીધો હતો તેમજ જાફરાબાદના શિયાળબેટ ગામે નાનજી બીજલ શીયાળના રહેણાંક મકાનમાંથી બે લીટર દેશી દારૂ પોલીસે ઝડપી પાડ્યો હતો.

# બગસરામાં ઘરેણા છોડાવવાની બાબતે મહિલાને ત્રણ શખ્સોએ માર માર્યો

**મહિલાના પતિને માથામાં લાકડીનો ઘા મારતા સારવારમાં ખસેડાયા**

અમરેલી,તા.૧૬

બગસરામાં જેતપુર રોડ પર કેનાલ પાસે રહેતા દંપતીને ત્રણ શખ્સોએ હુમલો કરી માથામાં લાકડીનો ઘા મારી ઈજા કરતા મહિલાએ ત્રણ શખ્સો સામે બગસરા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. બગસરામાં જેતપુર રોડ પર આવેલી કેનાલ પાસે રહેતા મંજુબેન ભનુભાઈ ચારોલીયાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી કે, મંજુબેનના પતિ ભનુભાઈએ બેન્કમાં ઘરેણા મુકેલા હોય જેથી આ ઘરેણા મંજુબેનની જાણ બહાર આરોપી મનુભાઈએ છોડાવી દીધેલ હોય તેવી વાત કરતા આરોપી મનુભાઈ રવજીભાઈ વાઘેલા અને તેમના બે પુત્રો કિશન અને મનુને સારૂ નહી લાગતા મંજુબેનને ત્રણેય આરોપીઓએ એક સંપ કરી માથામાં લાકડીના ઘા માર્યા હતા તેમજ મંજુબેનના પતિ ભનુભાઈને પણ માથામાં લાકડીના ઘા મારતા લોહીલુહાણ થઈ ગયા હતા. મંજુબેનના દીકરાને પણ મૂંઢમાર મારવામાં આવતા ત્રણેયને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. મંજુબેને ત્રણ લોકો સામે બગસરા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલાના આંબરડી ગામે ગાળો બોલવાની ના પાડતા પથ્થરનો ઘા માર્યો

અમરેલી,તા.૧૬

સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે ટ્રાવેલ્સની ઓફિસ આડે એક શખ્સ ઉભો રહી જતા બસના ડ્રાઈવરને ગાળો આપતા જેથી ફરિયાદીએ ગાળો દેવાની ના પાડતા બે શખ્સોએ પથ્થરનો ઘા માર્યો હતો. સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે મેહુલ મેરામભાઈ ચૌહાણની બસ સ્ટેશન પાસે ટ્રાવેલ્સની ઓફિસ આવેલી હોય જેથી બસ આવતા મહેશ બાલા ખટાણા નામનો શખ્સ ઓફિસ આડો ઉભો રહી જતા બસના ડ્રાઈવર સાથે બોલાચાલી કરતા જેથી મેહુલભાઈએ બોલાચાલી કરવાની ના પાડતા મહેશ ગાળો બોલવા લાગ્યો હતો તેમજ આરોપી રતન નાજાભાઈ ખટાણાએ પથ્થરનો ઘા મેહુલના કપાળે મારી જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયા હતા. જેથી મેહુલભાઈએ મહેશ અને રતન સામે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# સા.કુંડલામાં છાપરી ગામે દીકરીને મરી જવા મજબૂર કર્યાની પોલીસ ફરિયાદ

**પરિણીતાને સાસરીયામાં ત્રાસ અપાતો હોવાથી ઝેરી દવા પી આપઘાત કર્યો હતો**

અમરેલી,તા.૧૬

સાવરકુંડલા તાલુકાના છાપરી ગામે પરિણીતાને સાસરીયાઓ દ્વારા વારંવાર શારીરિક અને માનસિક ત્રાસ અપાતો હોવાથી પરિણીતાએ ઝેરી દવા પી આપઘાત કરી લેતા પરિણીતાના પિતાએ ચાર લોકો સામે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. સાવરકુંડલામાં રહેતા નનાભાઈ પુનાભાઈ ચારોલીયાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે તેની દીકરી વિલાસના લગ્ન છાપરી ગામે થયા હતા પરંતુ લગ્નના થોડા સમયમાં જ પતિ મેઘા નનુ વાઘેલા વિલાસના ચારિત્ર બાબતે ખોટી શંકાઓ કરી તેને અવારનવાર ઢીકાપાટુનો માર મારી માનસિક ત્રાસ આપતો હોય તેમજ ચોથાભાઈ ભીમાભાઈ વાઘેલા, બહાદુરભાઈ ભીમાભાઈ વાઘેલા અને મનજી નનુ વાઘેલાએ અગાઉ નનાભાઈને ધાક-ધમકી આપેલ હોય જેથી શારીરિક અને માનસિક ત્રાસ વિલાસથી સહન નહી થતા સાસરીમાં જ ઝેરી દવા પી લેતા વિલાસનું મોત થયુ હતું જેથી નનુભાઈએ ચાર શખ્સો સામે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: ચોથ
તા.૧૭-૦૪-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૫:૫૪,
સૂર્યાસ્ત-૦૬:૪૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: અનુરાધા

## દૈનિક રાશિફળ

તા.૧૭-૦૪-૨૦૨૫ ગુરૂવાર

મેષ: આજનો દિવસ ખુશીથી ભરપૂર રહેશે. ઓફિસમાં તમારા સાથીઓ થોડા હળવા મૂડમાં રહેશે અને કામ કરવાની ઇચ્છા પણ દર્શાવશે.

વૃષભ: આજે કાર્યક્ષેત્રમાં તમારો પ્રભાવ અને મહત્વ વધી શકે છે. આજે તમે કોઈ સામાજિક સંગઠનમાં ઉચ્ચ પદ પર જઈ શકો છો, જે તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે.

મિથુન: આજે નોકરી કરનારા લોકો અથવા ધંધાકીય લોકોને સરકાર દ્વારા કોઈ સન્માન અથવા ઈનામ મળી શકે છે.

કર્ક: ઓફિસનું વાતાવરણ થોડું ગંભીર રહેશે, જેનાથી તમે મુશ્કેલી અનુભવો છો. વાતાવરણને જીવંત બનાવવાનો પ્રયત્ન કરશો.

સિંહ: આજે તમે તમારા પરિવારના સભ્યો સાથે ચર્ચા કરી શકો છો. તમારે ધીરજ રાખવી જોઈએ. આજે દુશ્મન તમારા પર હાવી થઈ શકે છે.

કન્યા: આજે કાર્યક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ થશે અને નવી તકો પણ મળશે. સમાજ સુધારણા માટે કેટલાક કામ કરશો.

તુલા: આજે સવારથી તમારો મૂડ સારો રહેશે. તમે ધંધામાં મોટા ફાયદા માટે દિવસભર દોડશો. પરિવારના વરિષ્ઠ સભ્યો સાથે ભાવિ યોજનાઓની ચર્ચા કરશો.

વૃશ્ચિક: આજે તમને ધંધા અને ક્ષેત્રમાં સફળતા મળવાની સંભાવના છે. રાજકીય ક્ષેત્રે આજે તમને ઉચ્ચ પદ મળી શકે છે.

ધન: આજે તમારો દિવસ વ્યાવસાયિક કાર્યોથી ઘેરાયેલો રહેશે. વ્યવસાય અથવા કાર્યસ્થળમાં ઘણા પ્રકારના વિવાદો રહેશે.

મકર: લાંબા સમયથી ચાલતી શંકાસ્પદ સમસ્યાઓનો અંત આવશે. લાંબા સમયથી કામકાજમાં જે અવરોધ સર્જાયો હતો તેનો અંત આવશે.

કુંભ: વ્યવસાય અથવા નોકરી કરતા લોકોએ બીજા માટે જોખમી હોય એવું કાર્ય ના કરવું જોઈએ. દૈનિક વેપારમાં સખત મહેનત પછી લાભની અપેક્ષા છે.

મીન: આજે તમે આત્મવિશ્વાસથી ભરેલા રહેશો, જેથી તમે તમારા હરીફો પર પ્રભુત્વ મેળવશો. સંતાન તરફથી કોઈ શુભ માહિતી મળી શકે છે.

**પાંચ શખ્સોને માર મારતા લાઠી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ**

# લાઠીના કેરાળા ગામે જુગાર રમવા કેમ લઈ જાવ છો તેમ કહી લાકડી વડે હુમલો

**સામા પક્ષે પણ માર મારતા સામસામી ફરિયાદ નોંધાઈ**

અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લામાં હથિયાર અંગે જાહેરનામુ હોવા છતાં લાકડી વડે હુમલો થયાના બનાવો પોલીસ ચોપડે નોંધાય છે. જેમાં લાઠી તાલુકાના કેરાળા ગામે રહેતા એક યુવકને પાંચ લોકોએ એકસંપ કરી લાકડી વડે માર મારતા માથામાં ત્રણ ટાંકા આવ્યા હતા.

લાઠી તાલુકાના કેરાળા ગામે રહેતા આકાશ અમકુભાઈ પંચાળા ગામમાં શેમ્પુ લેવા જતો હતો ત્યારે આરોપી પ્રવિણ ગોબરભાઈ પંચાળાએ આકાશને કહેલ કે મારા દીકરાને જુગાર રમવા કેમ લઈ જા છો અને આકાશને બેફામ ગાળો આપતા આકાશે ગાળો આપવાની ના પાડતા પ્રવિણ ઉશ્કેરાઈ ગયો હતો તેની સાથે પ્રદિપ પ્રવિણ પંચાળા, ભુપત ગોબર પંચાળા, ગોબર ટપુ પંચાળા અને રમેશ ગોબર પંચાળાએ એકસંપ કરી આકાશ પર લાકડી વડે હુમલો કર્યો હતો. જેથી આકાશને બચાવવા સંગીતાબેન નામની મહિલા વચ્ચે પડતા આરોપીઓએ તેને પણ માર માર્યો હતો.

જેથી આકાશે પાંચ લોકો સામે લાઠી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે તો સામા પક્ષે ફરિયાદી પ્રવિણ ગોબર પંચાળાએ ફરિયાદ નોંધાવી છે કે, તેનો ભત્રીજો ગોપાલ આરોપી સાથે રમતો હોય જેથી આરોપીઓને ગોપાલ સાથે રમવાની ના પાડતા આકાશ અમકુભાઈ પંચાળા, સંજય અમકુભાઈ પંચાળા, અશોક અમકુભાઈ પંચાળા, અમકુ ભીખા પંચાળાને સારૂ નહી લાગતા તમામે એકસંપ કરી લાકડાના બાટકાથી પ્રવિણભાઈ પર હુમલો કરી દીધો હતો. પિતાને બચાવવા દીકરો પ્રદિપ વચ્ચે પડતા તમામ આરોપીઓએ પ્રદિપને મોઢા પર લાકડાના ઘા તેમજ મુંઢમાર મારી અને જો ગોપાલને અમારી સાથે નહી રમવા દે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

**-// તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૩૭/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી વિક્રમભાઈ ઘેલાભાઈ મકવાણા
રહે.ડોળાસા, ગામ-ડોળાસા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....**અરજદાર**
વકીલશ્રી વી.એ.ખખ્ખર તથા જે.બી.રાઠોડ, રહે.કોડીનાર
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ડોળાસા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ડોળાસા ગામના રહીશ **શ્રી વિક્રમભાઈ ઘેલાભાઈ મકવાણા તથા શ્રી દેવિબેન વિક્રમભાઈ મકવાણાની પુત્રી વર્ષાબહેન વિક્રમભાઈ મકવાણા નો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૪** નાં રોજ કોડીનાર તાલુકાના ડોળાસા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના ડોળાસા ગામના સને. ૧૯૮૪ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ **જન્મ** રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૭/૦૪/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.
આજ તા.૦૭/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(ડી.જી.વરમોરા)**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-//તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં//-**

[illegible]

**પ્રતિ,**
શ્રી વંશ જેસિંગભાઈ કચરાભાઈ
મુ.ફાચરીયા ગામ-ફાચરીયા, તા.કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ . . . અરજદાર
વકીલશ્રી,ડી.આર.ડોડીયા, રહે.કોડીનાર
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી, ફાચરીયા તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વલાદર ગામના રહીશ **શ્રી કચરાભાઈ રાજાભાઈ વંશ ના પત્ની રખમણબેન કચરાભાઈ વંશ નું મરણ તારીખ.૦૧/૦૬/૨૦૦૯** ના રોજ કોડીનાર તાલુકાના ફાચરીયા ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના ફાચરીયા ગામના સને.૨૦૦૯ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૭/૦૪/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.
આજ તા. ૮/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહિ**
**(ડી.જી.વરમોરા)**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-// તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૪૦/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી વિક્રમભાઈ ઘેલાભાઈ મકવાણા
રહે.ડોળાસા, ગામ-ડોળાસા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....**અરજદાર**
વકીલશ્રી વી.એ.ખખ્ખર તથા જે.બી.રાઠોડ, રહે.કોડીનાર
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ડોળાસા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ડોળાસા ગામના રહીશ **શ્રી વિક્રમભાઈ ઘેલાભાઈ મકવાણા તથા શ્રી દેવિબેન વિક્રમભાઈ મકવાણાની પુત્રી શ્રી રેખાબેન વિક્રમભાઈ મકવાણા નો જન્મ તા.૨૬/૦૫/૧૯૯૩** નાં રોજ કોડીનાર તાલુકાના ડોળાસા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના ડોળાસા ગામના સને. ૧૯૯૩ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ **જન્મ** રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૭/૦૪/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.
આજ તા.૦૭/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(ડી.જી.વરમોરા)**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**તંત્રી લેખ**

# કોંગ્રેસની અગ્નિપરીક્ષા શરૂ

ઉત્થાન અને પતન સ્વાભાવિક છે, તેને કોઈ રોકી શકે નહીં. એક સમયે કોંગ્રેસનો સોનેરી સમય હતો, આજે સમય પલટાયો છે. ભારતના ઈતિહાસમાં પહેલીવાર કોઈ મોટા વરિષ્ઠ રાજકીય નેતાઓ પર ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું હોય તે પહેલી ઘટના છે. કોંગ્રેસે આને બદલાની રાજનીતિ ગણાવી છે. કોંગ્રેસ ભલે ગમે તે કહે પરંતુ પોતાના શાસનકાળ દરમિયાન કોંગ્રેસે જે સૌથી મોટું નાણાકીય કૌભાંડ કર્યું છે તેને કોઈ સંજોગોમાં નજરઅંદાજ કરી શકાય નહીં અને જે લોકો કોઈપણ પ્રકારની ગેરરીતિઓ કરે છે તે જરા પણ વ્યાજબી નથી અને તેના પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તો તેને બદલાની રાજનીતિ કઈ રીતે કહી શકાય ? અન્ય આરોપીઓમાં સુમન દૂબેનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. હાલમાં ઈડીએ વિવાદિત સંપત્તિ જપ્ત કરી છે. નેશનલ હેરાલ્ડ કેસમાં ઈડીએ ફરી એકવાર રાજકીય વિવાદ ઉભો કર્યો છે. કેન્દ્રીય તપાસ એજન્સીએ મંગળવારે આ કેસમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી. કહેવાતા ગોટાળામાં આ બન્ને નેતાના નામ છે એટલું જ નહીં, ઓવરસીઝ કોંગ્રેસના અધ્યક્ષ સેમ પિત્રોડાનું નામ પણ આ ચાર્જશીટમાં છે. નોંધનીય છે કે આ કેસમાં રાઉઝ એવન્યૂ કોર્ટમાં પહેલીવાર ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી છે. આ અગાઉ કેન્દ્રીય તપાસ એજન્સીએ આ કેસમાં કોંગ્રેસના નેતા સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વિરુદ્ધ દાખલ કરેલી ચાર્જશીટમાં આરોપી નંબર એક અને આરોપી નંબર બે ગણાવ્યા છે. ઉલ્લેખનીય છે કે નેશનલ હેરાલ્ડ કેસની શરૂઆત ૨૦૧૨માં થઈ હતી જ્યારે ભાજપ નેતા અને ભૂતપૂર્વ સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ દિલ્હીની એક અદાલતમાં ફરિયાદ દાખલ કરાવી હતી. સ્વામીએ આરોપ લગાવ્યો હતો કે સોનિયા ગાંધી અને રાહુલ ગાધીએ યંગ ઈન્ડિયન પ્રાઈવેટ લિમિટેડ મારફત એસોસિયેટ જર્નલ્સ લિમિટેડની સંપત્તિઓને છેતરપિંડી કરીને અને કુટિલતા વાપરીને હસ્તગત કરી લીધી હતી. એજેએલ નેશનલ હેરાલ્ડ અખબારની પ્રકાશક કંપની છે જેને ૧૯૩૮માં જવાહરલાલ નહેરુ અને અન્ય આઝાદીના લડવૈયાઓએ સ્થાપિત કરી હતી.ઈડીએ આ ચાર્જશીટ પીએમએલએ એક્ટ હેઠળ દાખલ કરી છે. ઈડીની તપાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સોનિયા ગાંદી અને રાહુલ ગાંધીની કંપની યંગ ઈન્ડિયન એસોસિયેશને એસોસિયેટેડ જર્નલ પ્રેસ એટલે કે એજેએલની ૨૦૦૦ કરોડ રૂપિયાથી વધુ મૂલ્યની સંપત્તિઓને ફક્ત ૫૦ લાખ રૂપિયામાં હાંસલ કરી લીધી હતી. ઈડીની દલીલ છે કે આ એક પ્રકારની છેતરપિંડી જ હતી જેમાં ૯૮૮ કરોડ રૂપિયાની ગેરકાયદેસરની કમાણીનો સમાવેશ થાય છે. નવેમ્બર ૨૦૨૩માં ઈડીએ એજેએલની ૬૬૧ કરોડ રૂપિયાની સંપત્તિઓ અને ૯૦,૨ કરોડ રૂપિયાની કિંમતના શેર્સ જપ્ત કરી લીધી હતાં કે જેથી તેનું વેચાણ અથવા ટ્રાન્સફર ના થઈ શકે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા મંગળવારે હરિયાણા જમીન સોદામાં રોબર્ટ વાડ્રાની ૬ કલાક પૂછપરછ કરવામાં આવી હતી. ખાસ કરીને મની લૉન્ડરિંગનાં કેસમાં તેમની ઊલટતપાસ કરાઈ હતી. તેઓ પોતાનાં નિવાસેથી ઈડીની ઓફિસ સુધી બે કિ.મી. ચાલીને ગયા હતા. તેમણે આક્ષેપ કર્યો કે મારી સામે રાજકીય ઈરાદાથી અને બદલાની ભાવનાથી પગલાં લેવાઈ રહ્યા છે. હું જ્યારે અલ્પસંખ્યકો સામે બોલું ત્યારે મને રોકવાની કોશિશ કરાય છે.

# ખંભાતના અખાત પર ૩૦ કિ. મી. નો નવો રેલવે બ્રિજ પણ જરૂરી છે

મુંબઈમાં ભારતનો સૌથી મોટો દરિયાઈ બ્રિજ છે. આના કરતાં પણ ત્રણ ગણો મોટો બ્રિજ ચાઈનાએ બનાવ્યો છે. તો પછી ખંભાતના અખાત પર ૩૦ km નો બ્રિજ શા માટે ન બની શકે? જોકે કલ્પસર પ્રોજેક્ટ રેલવે ટ્રેકનો સમાવેશ છે તો પછી આ વધારાનો ખર્ચો શા માટે એવો પણ એક પ્રશ્ન આજે જાગ્યો છે જેની સમીક્ષા જરૂરી છે. કલ્પસર પ્રોજેક્ટમાં ડેમ પર ૧૬ ટ્રેક બનવાના છે તેમાં ચાર ટ્રેક રેલવેના છે. જો કલ્પસર પર રેલવેના ફોર ટ્રેક બનવાના હોય તો પછી ૩૦km ના નવા પુલનો ખર્ચો શા માટે? ખંભાતના અખાતના સામા કિનારે કલ્પસરનું કામ ધમધોકાર ચાલી રહ્યું છે. ૨૦૨૬ માં આ ભાડભૂત બેરેજ પૂરો થશે પછી કલ્પસરનું કાર્ય આગળ વધશે. આ ડેમ પર ૧૬ ટ્રેક બનવાના છે. આમ છતાં ખંભાતના અખાત પર ૩૦ km લાંબો રેલવે બ્રિજ બનાવવાની યોજના જાહેર થઈ છે આ પૂલ એક નવી સુવિધાનો ઉમેરો કરશે. પરંતુ સામાન્ય માનવીના મનમાં પ્રશ્ન થાય છે કે કલ્પસર પ્રોજેક્ટ પરિપૂર્ણ હોવા છતાં કરોડો રૂપિયાનો ખર્ચો શા માટે? કલ્પસર યોજના અંતર્ગત ખંભાતના અખાત પર એક ડેમ બાંધવાની યોજના છે. આ ડેમ પર રોડ અને રેલવે લાઈન બનાવવાનું પણ આયોજન છે. આ રોડ અને રેલવે લાઈન ભાવનગર અને દક્ષિણ ગુજરાત વચ્ચેનું અંતર ઘટાડશે અને પરિવહનને સરળ બનાવશે. ડેમ પર ૧૫૦ મીટર પહોળો રોડ બનાવવાનું આયોજન છે. આ રોડ ૧૬ લેનનો હશે. તેનાથી ભાવનગર અને દક્ષિણ ગુજરાત વચ્ચેનું ૨૦૦ કિલોમીટરનું અંતર ઘટીને ૩૦ કિલોમીટર થઈ જશે.




વાહન વ્યવહાર સરળ બનશે અને સમય તેમજ ઈંધણની બચત થશે. રોડની સાથે ૪ લેનની રેલવે લાઈન બનાવવાનું પણ આયોજન છે. આ રેલવે લાઈનથી માલસામાન અને મુસાફરોની અવરજવર સરળ બનશે. ભાવનગર અને દક્ષિણ ગુજરાત વચ્ચે વેપાર અને ઉદ્યોગને વેગ મળશે. આમ, કલ્પસર યોજના પરના રોડ અને રેલવે લાઈન આ વિસ્તારના વિકાસ માટે ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થશે. કલ્પસર પ્રોજેક્ટ એ ગુજરાતમાં ખંભાતના અખાત પર ૩૦ કિલોમીટર લાંબો બંધ બાંધવાની એક મહત્વાકાંક્ષી યોજના છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય સિંચાઈ, પીવા અને ઔદ્યોગિક હેતુઓ માટે એક વિશાળ મીઠા પાણીનું જળાશય બનાવવાનો છે. બંધની લંબાઈ આશરે ૩૦ કિલોમીટર, સંગ્રહ ક્ષમતાઃ ૧૦ બિલિયન ક્યુબિક મીટર તાજું પાણી, જે ગુજરાતના સરેરાશ વાર્ષિક વરસાદી પાણીના પ્રવાહના ૨૫% જેટલું છે. નર્મદા, મહી, ઢાઢર, સાબરમતી અને સૌરાષ્ટ્રની કેટલીક નદીઓના પાણીનો સંગ્રહ કરવામાં આવશે. અંદાજિત ખર્ચઃ ૯૦,૦૦૦ કરોડ (૨૦૧૫-૧૬ના અંદાજ મુજબ, વાર્ષિક ૮% ફુગાવાને બાદ કરતાં). આમાં ભારતીય પાવર પ્લાન્ટનો ખર્ચ સામેલ નથી. એને ટાઈડલ પાવર પ્રોજેક્ટ કહેવામાં આવે છે.

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

મુખ્ય કલ્પસર બંધ અને નર્મદા નદી પર ભાડભૂત બેરેજ તેમજ બંનેને જોડતી નહેરનો સમાવેશ થાય છે. બંધ પર રોડ બનાવવાની પણ યોજના છે, જે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત વચ્ચેનું અંતર ઘટાડશે. ખંભાતના અખાતમાં વિશ્વનું સૌથી મોટું મીઠા પાણીનું કૃત્રિમ સરોવર બનાવવામાં આવશે. સૌરાષ્ટ્રના પાણીની અછતવાળા વિસ્તારોમાં સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ કરાવવું. અંદાજે ૧૦.૫૪ લાખ હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળશે. સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના લોકોને પીવા માટે પાણી પૂરું પાડવું. ઉદ્યોગો માટે પાણીની જરૂરિયાત પૂરી કરવી. ભાવનગર અને સુરત વચ્ચેનું આશરે ૨૦૦ કિલોમીટરનું અંતર ઘટવાથી સમય અને ઈંધણની બચત થશે. તાજા અને ખારા પાણીના મત્સ્યઉદ્યોગને પ્રોત્સાહન મળશે. દરિયાઈ ભરતીથી અસરગ્રસ્ત જમીનને પુનઃપ્રાપ્ત કરવાની સંભાવના. આનો અર્થ એવો થાય કે આજની તારીખે જે દરિયાની ખારાશનું પ્રમાણ હોય તે વધતું જાય છે તેમાં મોટો સુધારો થશે. દરિયાઈ પાણીના પ્રવેશને નિયંત્રિત કરી શકાશે. આનાથી નદીઓના પૂરનું નિયંત્રણ કરી શકાશે. ભરતી શક્તિનો ઉપયોગ કરીને વીજળી ઉત્પન્ન કરવાની સંભાવના. બાંધકામ અને સંચાલન દરમિયાન મોટી સંખ્યામાં રોજગારીની તકો ઊભી થશે. પ્રોજેક્ટનો ઈતિહાસ પણ ઘણો જૂનો છે. ૧૯૭૫માં યુએનડીપીના નિષ્ણાત એરિક વિલ્સને ખંભાતના અખાતમાં ભરતી શક્તિની સંભાવના ઓળખી હતી. ૧૯૮૦ના દાયકામાં ડૉ. અનિલ કાણેએ આ પ્રોજેક્ટની કલ્પના કરી અને તેને 'કલ્પસર પ્રોજેક્ટ' નામ આપ્યું. ૧૯૮૮-૮૯માં ખંભાતના અખાત પર બંધ માટે એક પ્રાથમિક અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો. પ્રોજેક્ટની વર્તમાન સ્થિતિ પર એક નજર નાખીએ. વિવિધ અભ્યાસો અને મંજૂરીઓની પ્રક્રિયા ચાલી રહી છે. ભાડભૂત બેરેજનું કામ શરૂ થઈ ગયું છે અને ઑક્ટોબર ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે. આ પ્રોજેક્ટની પર્યાવરણીય અસરો પણ મોટા પ્રમાણમાં પડવાની છે.

આ પ્રોજેક્ટના કારણે પર્યાવરણ પર સંભવિત અસરોનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. જેમાં દરિયાઈ જીવસૃષ્ટિ, પાણીની ગુણવત્તા અને આસપાસના વિસ્તારોમાં થતા ફેરફારોનો સમાવેશ થાય છે. કલ્પસર પ્રોજેક્ટ ગુજરાત માટે એક મહત્વપૂર્ણ અને દૂરંદેશી યોજના છે, જે રાજ્યની પાણીની સમસ્યાને હલ કરવામાં અને વિકાસને વેગ આપવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે. આ સરસ પ્રોજેક્ટ હોવા છતાં લોકો એવું વિચારે છે કે આ પ્રોજેક્ટ ક્યારે પૂરો થશે? અહીં મહત્વની વસ્તુ એ છે કે કોઈ નાનકડો પૂલ હોય તો તે બે ત્રણ મહિનામાં પૂરો થઈ જાય પરંતુ વિશ્વના આ સૌથી મોટા ડેમની વાત છે એટલે તેમાં ખૂબ વધુ સમય લાગે તે સ્વાભાવિક છે. ખંભાતના અખાત પર ૩૦ km લાંબો સમુદ્રી પુલ બનાવવાની યોજના જાહેર થઈ છે. આ યોજનાનો અભ્યાસ કરતા એવું લાગે છે કે આ યોજના અશક્ય નથી તે ચોક્કસ બની શકે. આથી કોઈપણ રાજકીય પક્ષોએ કે કોઈપણ વ્યક્તિએ આ યોજનાનો વિરોધ કરવો બરાબર નથી કારણકે આનાથી સમગ્ર સૌરાષ્ટ્રનો વિકાસ થવાનો છે. કલ્પસર ઉપરાંત આ પ્રોજેક્ટ બને તો તેમાં સૌને લાભ છે પરંતુ મહત્વની વસ્તુ એ જ છે કે આ બધા પ્રોજેક્ટ સમયસર પુરા થાય તે અત્યંત જરૂરી છે.

## શબ્દ સંજોગ-૧૯૮૪



**આડી ચાવી :**
(૧) શાળામાં ભણાવાતો એક વિષય (૪)
(૪) એક ચંદ્રવંશી રાજા (૩)
(૬) ફળના રસનું બનાવેલુ પીણું (૪)
(૮) દુઃખ, સંતાપ (૨)
(૯) વિદેશ જવા માટે આ જરૂરી છે (૨)
(૧૦) મમ્મીના બનેવી (૨)
(૧૧) ઓરમાન, સાવકું (૩)
(૧૩) લયાનત, શરમ (૩)
(૧૬) મીણબત્તી (૨)
(૧૭) એક ઝાડ (૨)
(૧૮) કવિતાની મૂળ કડી (૨)
(૧૯) મીઠું (૩)
(૨૧) પાવડી, ચાખડી (૩)
(૨૨) તરંગ, ફાંટો (૧)
(૨૩) વૃત્તિ, લાગણી (૨)
(૨૪) નકામું, બાતલ કરેલુ (૨)
(૨૬) પવિત્ર, શુધ્ધ (૩)
(૨૭) ચોથા ભાગનું (૧)
(૨૮) વસંત ઋતુનો પાક (૨)

**ઉભી ચાવી :**
(૧) કુબેરની માતા (૪)
(૨) નિરાંત, શાંતિ (૨)
(૩) ગળામાં પહેરવાની સેર (૨)
(૫) બગાડ, હાનિ (૪)
(૭) બોર (૩)
(૧૦) ખૂબ પૈસાદાર (૪)
(૧૨) પારકાનું ભલુ કરવુ તે (૫)
(૧૪) તરવાનું સાધન, હોડી (૩)
(૧૫) સરપાવ, શાબાશી (૪)
(૨૦) પધ્ધતિ, શિરસ્તો (૪)
(૨૩) ભાઠાની જમીન (૨)
(૨૫) બારણું, દરવાજો (૨)

## શબ્દ સંજોગ-૧૯૮૩ જવાબ

**આડી ચાવીઃ** (૧) સવાલ (૩) આકલન (૬) પક્ષાઘાત (૭) કમ (૯) ટહેલ (૧૧) અશોક (૧૨) રપખ(પરખ) (૧૩) બોર (૧૫) અરવિંદ (૧૭) જણસ (૧૮) દમણ (૧૯) લવલ (લેવલ) (૨૦) મામા (૨૨) બીના (૨૪) સારા (૨૭) કંથ (૨૮) રીત (૨૯) ખમણ.

**ઉભી ચાવીઃ** (૧) સલાટ (૨) લપલપ (૩) આઘાત (૪) કત (૫) નકશો (૮) મકર (૧૦) હેર (૧૧) અરવિંદ (૧૩) બોર (૧૪) ગબલલકં (ગલકંબલ) (૧૫) અસમા (અમાસ) (૧૬) દમન (૧૭) જલેબી (૨૧) માસા (૨૩) નારી (૨૫) રાખ (૨૬) ક્ષણ.

# સૌરાષ્ટ્ર માર્કેટયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૯૦ | ૧૫૪૧ |
| ઘઉં લોકવન | ૪૭૫ | ૫૩૭ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૧૪ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૭૫૦ |
| જુવાર લાલ | ૭૦૦ | ૯૪૮ |
| જુવાર પીળી | ૪૦૦ | ૪૫૦ |
| બાજરી | ૩૭૫ | ૪૫૦ |
| તુવેર | ૧૧૯૩ | ૧૪૯૦ |
| ચણા પીળા | ૯૮૦ | ૧૧૧૫ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૨૨૦૦ |
| અડદ | ૧૨૯૦ | ૧૫૮૨ |
| મગ | ૧૦૮૦ | ૧૮૦૦ |
| વાલ દેશી | ૮૦૦ | ૧૨૫૦ |
| વટાણા | ૭૦૦ | ૨૦૦૦ |
| કળથી | ૮૦૧ | ૮૦૧ |
| રાજમા | ૭૦૦ | ૧૮૦૦ |
| મગફળી જાડી | ૮૬૦ | ૧૦૫૮ |
| મગફળી જીણી | ૯૩૦ | ૧૨૬૦ |
| તલી | ૧૭૫૪ | ૨૦૭૭ |
| એરંડા | ૧૧૨૫ | ૧૧૯૦ |
| અજમો | ૧૪૫૦ | ૧૮૫૦ |
| સુવા | ૧૩૫૦ | ૧૯૫૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૪૯ |
| સીંગફાડા | ૧૦૯૦ | ૧૩૫૦ |
| કાળા તલ | ૩૯૪૦ | ૫૦૭૧ |
| લસણ | ૭૨૦ | ૧૪૫૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૬૭૦ |
| મરચા સુકા | ૮૦૦ | ૧૯૫૦ |
| ધાણી | ૧૨૭૦ | ૧૯૮૦ |
| વરીયાળી | ૧૮૦૦ | ૨૭૫૦ |
| જીરૂ | ૩૮૦૧ | ૪૮૫૧ |
| રાય | ૧૦૮૦ | ૧૩૪૦ |
| મેથી | ૮૪૦ | ૧૨૮૦ |
| ઇસબગુલ | ૧૯૦૦ | ૨૫૨૫ |
| અશેરીયો | ૧૫૦૦ | ૧૬૦૦ |
| કલોંજી | ૩૧૫૦ | ૩૫૭૦ |
| રાયડો | ૯૪૦ | ૧૦૮૦ |
| ગુવારનું બી | ૯૦૧ | ૯૦૧ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૬૧૦ | ૮૩૦ |
| લીંબુ | ૧૬૩૦ | ૨૮૩૦ |
| સાકરટેટી | ૨૧૦ | ૪૨૦ |
| તરબુચ | ૨૪૦ | ૩૫૦ |
| બટેટા | ૧૪૦ | ૩૧૦ |
| ડુંગળી સુકી | ૫૫ | ૨૪૫ |
| ટમેટા | ૧૧૦ | ૧૯૦ |
| સુરણ | ૧૦૫૦ | ૧૪૩૦ |
| કોથમરી | ૩૧૦ | ૫૧૦ |
| સકરીયા | ૩૩૦ | ૫૦૦ |
| મુળા | ૪૧૦ | ૫૪૦ |
| રીંગણા | ૪૧૦ | ૬૧૦ |
| કોબીજ | ૧૧૦ | ૧૫૦ |
| ફ્લાવર | ૩૧૦ | ૬૧૦ |
| ભીંડો | ૮૧૦ | ૧૦૫૦ |
| ગુવાર | ૧૨૫૦ | ૧૬૧૦ |
| ચોળાસીંગ | ૧૪૫૦ | ૧૬૩૦ |
| વાલોળ | ૧૦૩૦ | ૧૨૨૦ |
| ટીંડોળા | ૫૧૦ | ૧૦૫૦ |
| દુધી | ૨૪૦ | ૪૧૦ |
| કારેલા | ૮૧૦ | ૧૦૫૦ |
| સરગવો | ૧૪૦ | ૪૨૦ |
| તુરીયા | ૬૧૦ | ૮૧૦ |
| પરવર | ૧૦૧૦ | ૧૪૩૦ |
| કાકડી | ૫૧૦ | ૮૩૦ |
| ગાજર | ૩૧૦ | ૫૨૦ |
| વટાણા | ૧૨૧૦ | ૧૪૧૦ |
| ગલકા | ૪૪૦ | ૬૪૦ |
| બીટ | ૧૧૦ | ૨૧૦ |
| મેથી | ૨૧૦ | ૪૩૦ |
| વાલ | ૧૦૧૦ | ૧૨૨૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૭૩૦ | ૮૭૦ |
| મરચા લીલા | ૩૧૦ | ૫૧૦ |
| લસણ લીલું | ૫૧૦ | ૧૦૫૦ |
| મકાઇ લીલી | ૧૧૦ | ૧૯૦ |
| ગુંદા | ૮૦૦ | ૧૨૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૭૮૦ | ૧૦૪૭ |
| ગીરનાર શીંગ | ૯૯૦ | ૧૦૬૬ |
| શિંગ મોટી | ૮૪૧ | ૧૧૦૦ |
| શિંગ ફાડા | ૯૫૦ | ૧૩૨૯ |
| તલ સફેદ | ૧૩૮૦ | ૨૪૨૬ |
| તલ કાળા | ૩૯૦૦ | ૫૧૧૧ |
| તલ કાશ્મીરી | ૧૭૫૧ | ૨૨૨૨ |
| બાજરો | ૪૦૦ | ૫૪૩ |
| જુવાર | ૪૧૨ | ૭૫૦ |
| ઘઉં ટુકડા | ૪૧૦ | ૬૫૫ |
| ઘઉં લોકવન | ૪૭૭ | ૫૪૧ |
| મકાઈ | ૫૩૫ | ૫૩૫ |
| મગ | ૯૧૦ | ૧૫૯૦ |
| અડદ | ૮૦૦ | ૧૩૯૦ |
| ચણા | ૮૮૦ | ૧૧૦૫ |
| ચણા દેશી | ૧૦૮૫ | ૧૨૦૦ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૩૨૦ |
| છોલે ચણા | ૧૦૫૫ | ૧૯૫૦ |
| તુવેર | ૧૦૪૫ | ૧૪૧૫ |
| વાલ | ૯૩૦ | ૯૩૦ |
| કપાસ | ૭૫૦ | ૧૫૨૯ |
| એરંડા | ૯૧૦ | ૧૧૭૫ |
| જીરૂ | ૨૨૭૫ | ૪૭૬૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૦૦૦ |
| રાય | ૭૦૦ | ૧૦૨૫ |
| ધાણા | ૧૧૫૦ | ૧૪૯૫ |
| ધાણી | ૧૦૬૦ | ૧૯૦૦ |
| અજમા | ૯૨૦ | ૧૫૦૦ |
| મેથી | ૬૨૦ | ૧૧૨૫ |
| સોયાબીન | ૬૦૦ | ૮૩૦ |
| મરચા લાંબા | ૩૫૦ | ૨૫૦૦ |
| દેશી મરચા | ૩૨૦ | ૪૦૧૦ |
| વરીયાળી | ૧૪૫૦ | ૧૭૦૦ |
| કાંગ | ૫૨૦ | ૫૨૦ |
| સુવાદાણા | ૧૧૩૦ | ૧૭૮૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૮૦ | ૩૨૦ |
| રીંગણાં | ૨૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૩૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૫૦ | ૧૦૦ |
| શકકરીયા | ૩૦૦ | ૪૦૦ |
| ટામેટા | ૨૦૦ | ૨૩૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ગાજર | ૧૫૦ | ૨૫૦ |
| દૂધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| કાકડી | ૧૫૦ | ૩૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૮૦૦ | ૯૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ચોળાલીલા | ૬૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| શકકરટેટી | ૨૦૦ | ૩૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૬૦૦ |
| ગુંદા | ૪૦૦ | ૬૦૦ |
| આદુ | ૮૦૦ | ૯૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૫૦૦ |
| ફુદીનો | ૪૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૧૦૦ | ૧૫૦ |
| કાચી કેરી | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૧૦૦ | ૧૫૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૨૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૨૫૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૨૨૦ |
| લસણ લીલુ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| લસણ સુકુ | ૪૦૦ | ૧૨૦૦ |
| મકાઈ | ૧૫૦ | ૨૦૦ |
| લીંબુ | ૨૨૦૦ | ૨૮૦૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| **ગોંડલ** | | |
| વટાણા | ૧૭૦૧ | ૨૨૩૧ |
| કપાસ બી.ટી. | ૧૨૦૧ | ૧૫૨૬ |
| ઘઉં લોકવન | ૪૪૧ | ૫૯૬ |
| ઘઉં ટુકડા | ૪૦૧ | ૬૭૬ |
| મગફળી જીણી | ૭૪૧ | ૧૩૦૧ |
| સિંગ ફાડીયા | ૭૨૬ | ૧૩૪૧ |
| એરંડા / એરંડી | ૯૯૧ | ૧૨૨૧ |
| વરીયાળી | ૧૫૦૧ | ૨૫૦૦ |
| ધાણા | ૯૦૧ | ૧૭૫૧ |
| મરચા સૂકા પટ્ટો | ૩૦૧ | ૩૦૫૧ |
| લસણ સુકું | ૪૭૧ | ૧૬૬૧ |
| ડુંગળી લાલ | ૩૧ | ૨૪૧ |
| અડદ | ૬૨૧ | ૧૬૨૧ |
| મઠ | ૫૦૦ | ૬૭૧ |
| તુવેર | ૭૫૧ | ૧૪૫૧ |
| રાયડો | ૧૦૦૧ | ૧૦૪૧ |
| રાય | ૯૫૧ | ૧૨૦૧ |
| મેથી | ૭૭૬ | ૧૧૨૧ |
| સુવાદાણા | ૧૫૦૧ | ૧૭૧૧ |
| કાંગ | ૫૦૧ | ૫૯૧ |
| મરચા | ૩૫૧ | ૨૨૫૧ |
| મગફળી જાડી | ૭૧૧ | ૧૨૬૧ |
| સફેદ ચણા | ૧૧૦૦ | ૨૧૬૧ |
| તલ - તલી | ૧૭૭૬ | ૨૧૬૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૯૨૬ |
| મરચા સૂકા ઘોલર | ૧૫૦૧ | ૪૧૦૧ |
| ડુંગળી સફેદ | ૮૨ | ૧૫૨ |
| બાજરો | ૩૬૧ | ૪૩૧ |
| જુવાર | ૪૫૧ | ૬૬૧ |
| મકાઇ | ૪૫૧ | ૪૭૧ |
| મગ | ૧૨૦૦ | ૧૮૮૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૦૧ |
| વાલ | ૪૯૧ | ૧૨૦૧ |
| વાલ પાપડી | ૧૭૦૧ | ૧૭૦૧ |
| ચોળા / ચોળી | ૬૦૦ | ૨૨૦૦ |
| સોયાબીન | ૭૫૧ | ૮૫૬ |
| કળથી | ૩૦૦ | ૭૬૧ |
| ગોગળી | ૮૫૦ | ૯૯૧ |
| વટાણા | ૧૬૬૧ | ૧૮૫૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| પાલક પુરા | ૨ | ૫ |
| ટમેટા | ૨૦ | ૨૪૦ |
| મરચા | ૨૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૪૨૦ | ૧૬૦૦ |
| કોબી | ૩૦ | ૧૦૦ |
| દુધી | ૫૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૬૦ | ૧૮૦ |
| કાકડી | ૧૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૪૦ | ૪૦૦ |
| ભીંડો | ૪૨૦ | ૮૦૦ |
| ગલકા | ૩૦૦ | ૬૦૦ |
| ગાજર | ૪૦ | ૨૦૦ |
| ટિંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| વાલ | ૮૨૦ | ૧૪૦૦ |
| વટાણા | ૧૦૨૦ | ૧૪૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૩૦૦ | ૧૨૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૨૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| કોથમીર પુરા | ૧ | ૪ |
| મૂળા પુરા | ૪ | ૬ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| કાચા કેળા | ૩૦૦ | ૪૦૦ |
| પરવર | ૭૦૦ | ૧૦૦૦ |
| ગુંદા | ૨૦૦ | ૬૦૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૩૦૦૦ |
| મેથી પુરા | ૧ | ૬ |
| બીટ પુરા | ૫ | ૭ |
| સરગવો પુરા | ૫ | ૭ |
| ચોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૩૦૦ | ૭૦૦ |
| વાલોર | ૪૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૬૨૦ | ૯૦૦ |
| ફણશી | ૧૬૨૦ | ૨૦૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૧૬૦ |
| લસણ પુરા | ૧૦ | ૨૦ |
| પાલક પુરા | ૧ | ૩ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૨૯૮ | ૧૪૩૮ |
| કપાસ સી ગ્રેડ | ૩૦૦ | ૮૫૦ |
| એરડી | ૮૭૦ | ૧૧૫૭ |
| ચણા | ૧૦૨૬ | ૧૦૨૬ |
| **કોડીનાર** | | |
| મગફળી જીર૦ | ૯૭૫ | ૧૦૪૫ |
| મગફળી ૩૨ નં. | ૯૪૫ | ૧૦૨૬ |
| બાજરી હાઈબ્રીડ | ૪૬૦ | ૫૯૦ |
| ઘઉં | ૪૫૦ | ૫૮૯ |
| રાઈ | ૧૧૦૦ | ૧૨૦૨ |
| રાયડો | ૯૫૦ | ૧૦૪૮ |
| મેથી | ૮૦૦ | ૧૦૮૮ |
| તુવેર | ૧૧૫૦ | ૧૩૬૦ |
| જુવાર | ૬૦૦ | ૯૩૦ |
| એરડી | ૧૧૦૦ | ૧૧૯૮ |
| ચણા | ૧૦૩૦ | ૧૦૯૨ |
| સોયાબીન | ૮૦૦ | ૮૫૯ |
| કપાસ | ૧૩૩૫ | ૧૪૪૧ |
| કાંગ | ૪૩૦ | ૫૦૨ |
| **સાવરકુંડલા** | | |
| શીગ જિણી | ૧૦૦૦ | ૧૦૪૪ |
| શીંગ મોટી | ૧૦૨૧ | ૧૧૧૬ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૦૨૩ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૮૪૬ |
| કપાસ | ૧૩૫૦ | ૧૪૮૫ |
| ઘઉં લોકવન | ૪૧૦ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૯૧ |
| બાજરો | ૫૦૦ | ૬૨૫ |
| જુવાર | ૮૨૦ | --- |
| અડદ | ૧૨૫૦ | --- |
| ચણા | ૧૦૬૦ | ૧૧૧૬ |
| દેશી ચણા | ૧૨૩૫ | ૧૩૪૭ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| એરડી | ૧૧૦૦ | ૧૧૭૪ |
| મેથી | ૮૦૦ | ૯૩૩ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૫૧ |
| સોયાબીન | ૭૨૦ | ૮૦૨ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૫૦ | ૯૦૨ |
| તલ સફેદ | ૧૮૦૧ | ૨૧૦૮ |
| તલ કાળા | ૨૫૧૦ | ૨૫૧૦ |
| કપાસ | ૧૨૫૧ | ૧૪૫૫ |
| બાજરો | ૫૫૧ | ૫૫૧ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૮૦ |
| જુવાર | ૬૨૬ | ૯૨૬ |
| મગ | ૮૦૦ | ૧૮૦૧ |
| મઠ | ૧૦૨૧ | ૧૦૨૧ |
| તુવેર | ૯૨૫ | ૧૨૫૪ |
| ચણા | ૯૦૦ | ૧૦૮૫ |
| રાય | ૯૦૦ | ૯૦૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૩૦૨ |
| મેથી | ૮૦૦ | ૧૦૮૦ |
| વાલ | ૧૫૬૧ | ૧૫૬૧ |
| એરંડી | ૧૧૩૫ | ૧૧૪૭ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૩૪૫ |
| ઘઉં લોકવન | ૪૬૬ | ૪૮૪ |
| ચણા | ૧૦૪૨ | ૧૦૭૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૩૦૦ |
| ધાણા | ૧૦૧૦ | ૧૧૯૨ |
| સોયાબીન | ૧૧૮૬ | ૧૧૮૬ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૦૧ | ૧૪૫૯ |
| મગફળી | ૯૦૦ | ૯૦૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૭૭૬ | ૭૭૬ |
| એરંડા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ધાણા | ૧૨૭૧ | ૧૨૭૧ |
| જીરૂ | ૪૫૭૫ | ૪૫૭૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૨૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૫ |
| ચણા | ૯૦૦ | ૧૦૭૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| મગફળી | ૭૦૦ | ૧૦૦૫ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૭૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૯૦ |
| સોયાબીન | ૬૫૦ | ૮૩૫ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૪૦ | ૧૫૪૦ |
| કપાસ મીડીયમ | ૧૧૬૦ | ૧૩૯૫ |
| મગફળી | ૯૯૧ | ૧૦૨૯ |
| જીરૂ | ૩૮૭૦ | ૪૯૯૦ |
| ઘઉં | ૪૬૭ | ૫૬૭ |
| ધાણા | ૧૪૩૦ | ૧૫૩૦ |
| ચણા | ૧૦૬૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૨૬૦ | ૧૩૭૦ |
| મેથી | ૯૮૦ | ૧૦૧૦ |
| એરંડા | ૧૦૫૫ | ૧૧૫૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૩૪ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૯૭ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૪૯૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૭૧ |
| મેથી | ૮૯૦ | ૯૪૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| મગફળી | ૮૫૦ | ૮૫૦ |
| મગ | ૧૩૦૦ | ૧૩૩૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૯૦૦ | ૧૩૦૦ |
| રાય | ૬૦૦ | ૮૩૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૩૦ |
| ચણા સફેદ | ૧૦૫૦ | ૧૦૬૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૩૫ |
| ચણા સોલે | ૧૩૦૦ | ૧૫૮૦ |
| લશણ | ૩૪૦ | ૧૦૦૦ |
| એરંડી | ૯૫૦ | ૯૫૦ |
| **જામનગર** | | |
| બાજરો | ૩૫૦ | ૪૭૫ |
| ઘઉં | ૪૦૦ | ૪૯૭ |
| મગ | ૯૦૦ | ૧૧૩૫ |
| અડદ | ૭૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૮૦૦ | ૧૩૮૦ |
| ચોળી | ૧૨૦૦ | ૧૬૬૦ |
| વાલ | ૧૦૨૫ | ૧૩૧૦ |
| મેથી | ૮૫૦ | ૧૦૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૧૦ |
| મગફળી જીણી | ૮૦૦ | ૧૦૫૦ |
| મગફળી જાડી | ૭૫૦ | ૧૦૦૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૧૮૨ |
| રાયડો | ૯૫૦ | ૧૦૮૫ |
| રાય | ૧૦૦૦ | ૧૨૫૫ |
| લસણ | ૫૭૦ | ૧૩૮૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૭૦ |
| જીરૂ | ૨૮૦૦ | ૪૬૪૫ |
| અજમો | ૧૫૯૦ | ૨૩૪૦ |
| ધાણા | ૭૦૦ | ૧૫૫૦ |
| ડુંગળી સૂકી | ૫૦ | ૨૭૫ |
| મરચા સુકા | ૫૦૦ | ૨૧૮૦ |
| ઈસબગુલ | ૧૧૦૦ | ૨૧૨૦ |
| સોયાબીન | ૬૦૫ | ૮૨૦ |
| વટાણા | ૮૦૦ | ૧૭૫૫ |
| કલોંજી | ૨૫૦૦ | ૩૬૩૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# કોડીનારમાં ૧૦ હજારના પગારદારને ઈન્કમટેક્સની રૂ. ૧ અબજ ૧૫ કરોડના વ્યવહાર અંગે નોટિસ !!!!

કોડીનાર,તા.૧૬



ઈન્કમટેક્સ વિભાગના આંધળા વહીવટનું ઉદાહરણ કોડીનારમાં જોવા મળ્યું છે. શહેરમાં ચાની એક હોટેલમાં કામ કરતા આસિફ મહંમદભાઈ શેખ નામના યુવાનને ઈન્કમટેક્સ વિભાગે વર્ષ ૨૦૨૪-૨૫ના વર્ષમાં ૩ નોટિસ ફટકારીને તેના નામે થયેલા ૧ અબજ ૧૫ કરોડથી વધુના નાણાકીય વ્યવહારોનો ખુલાસો કરવા જણાવ્યું છે. આથી યુવકનો પરિવાર ખૂબ જ ચિંતામાં મુકાયો છે. તો બીજી તરફ ઈન્કમટેક્સ વિભાગે આડેધડ આટલી મોટી રકમની નોટિસ ફટકારતા તે હાંસીને પાત્ર પણ બની રહ્યો છે. આસિફ શેખ કોડીનાર શહેરમાં ચાની કીટલી પર છુટક મજૂરી કરી રહ્યો છે. આખા મહિનાની રોજગારી ભેગી કરે તો પણ દસ હજાર રૂપિયાની આસપાસ થાય છે. વધુમાં આસિફ શેખના બેન્ક એકાઉન્ટમાં આજે પણ હજાર રૂપિયા કરતા ઓછી રકમ જમા છે. આવી વ્યક્તિને વિભાગે કયા કારણોસર આટલી માતબર રકમની નોટિસ ફટકારી તે કિસ્સો હવે શહેરમાં ટોક ઓફ ધ ટાઉન બની રહ્યો છે. આ અંગે આવકવેરા વિભાગના અધિકારીએ બિનસત્તાવાર નિવેદન આપતા કહ્યું કે, આ યુવકના પાન કાર્ડ અને અન્ય દસ્તાવેજોનો ઉપયોગ કરીને તેના નામે કોઈએ નાણાકીય વ્યવહારો કર્યા હોઈ શકે છે અને આ રીતે તેની સાથે ફ્રોડ થયું હોઈ શકે છે. આસીફ શેખના પાન કાર્ડ નંબર પર થયેલા આર્થિક વ્યવહારને આધારે વેરાવળ ઈન્કમટેક્સ વિભાગે આ નોટિસ ફટકારી છે.

# ગીર સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમા સામે થયેલી ફરિયાદ મુદ્દે મામલતદારને આવેદનપત્ર અપાયું

ગીર સોમનાથ,તા.૧૬



તસવીર :કૈલાશ ભટ્ટ

ગીર સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમા સામે થયેલી ફરિયાદ મુદ્દે આજે સુત્રાપાડાના મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. સોમનાથના શંખ સર્કલ ખાતે ગત તા.૦૪/૦૪/૨૦૨૫ના રોજ ડિમોલેશન વખતે સોમનાથના ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા, મોટા કોળીવાળા પાટણના પટેલ દિનેશભાઈ બામણીયા તથા અન્ય ૪૦ લોકો સામે થયેલી ફરિયાદ પાછી ખેંચવા બાબતે મામલતદાર મારફતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને આવેદનપત્ર સમસ્ત કોળી સમાજ સુત્રાપાડા તાલુકા તરફથી પાઠવવામાં આવ્યું હતું.

જેમાં મેરામણભાઈ વાજા પ્રમુખ કોળી સમાજ ટ્રસ્ટ પ્રાચી, દેવેન્દ્રભાઈ સોલંકી પ્રમુખ કોળી સેના સુત્રાપાડા ગ્રામ્ય, રૂપેશભાઈ જેઠવા સદસ્ય સુત્રાપાડા નગરપાલિકા, દેવશીભાઈ સોલંકી સદસ્ય સુત્રાપાડા નગરપાલિકા, દેવશીભાઈ કામળીયા, સુભાષભાઈ સોલંકી પ્રમુખ સુત્રાપાડા શહેર કોંગ્રેસ, નિલેશભાઈ કામળીયા પ્રમુખ શિવાજી સેના ગીર સોમનાથ વગેરે હાજર રહ્યા હતા.

# અરણેજની કસ્તુરબા બાલિકા વિદ્યાલયમાં આંબેડકર જયંતી અને સામાજિક સમરસતા દિવસની ઉજવણી

કોડીનાર,તા.૧૬



અરણેજ સ્થિત કસ્તુરબા બાલિકા વિદ્યાલય ખાતે ડોક્ટર બી.આર. આંબેડકરની જન્મ જયંતી અને સામાજિક સમરસતા દિવસની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. નહેરુ યુવા કેન્દ્ર જૂનાગઢ અને તાલુકા કાનૂની સેવા સમિતિ કોડીનાર દ્વારા આયોજિત કાર્યક્રમમાં બાળાઓને ડૉ. આંબેડકરના જીવન ચરિત્ર અને તેમના કાર્યોથી વાકેફ કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રકાશ જે. મકવાણા, વોર્ડન રંજનબેન પરમાર, સહાયક વોર્ડન વાળા તેમજ શાળાની બાળાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

# અમરેલી કેરીયા રોડ પર આવેલ બાળ હનુમાન ખાતે સપ્તાહનું આયોજન





અમરેલી, તા.૧૬

અમરેલીનાં કેરીયા રોડ પર આવેલા બાળ હનુમાન ખાતે શ્રી શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞ સપ્તાહનું આયોજન કૈલાશ મુક્તિધામ સમિતિ, બાળ હનુમાન મંદિર અને સમસ્ત કેરીયા રોડ પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે. સપ્તાહનાં વક્તા તરીકે ભાર્ગવભાઈ ભટ્ટ ભોરીંગડાવાળા કથાનું રસપાન કરાવી રહ્યાં છે. દરરોજ મોટી સંખ્યામાં ભક્તો બપોરનાં સમયે મહાપ્રસાદનો લાભ લઈ રહ્યા છે. કથામાં પધારવા માટે આયોજકો દ્વારા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ઉનામાં સુગર ફેક્ટરીના મેદાનમાં આગથી બાવળનું જંગલ બળીને ખાક

ઉના,તા.૧૬



ઉનાના ગીરગઢડા રોડ ઉપર વર્ષોથી સુગર મિલ બંધ હાલતમાં છે. આ સુગર મિલના મેદાનમાં ગાંડા બાવળો અને ઝાડી ઝાંખરાના જંગલો ઊગી નીકળ્યા છે. આજે બપોરે અચાનક અગમ્ય કારણસર આ ઝાડી ઝાંખરાના જંગલમાં જોતજોતામાં વિકરાળ આગ લાગી હતી અને ખૂબ મોટા વિસ્તારમાં આગ ફેલાઈ હતી. જોકે ગુજકોમાસોલના ગોડાઉન પાસે આગ ના પહોંચે તે માટે બુલડોઝર દ્વારા ત્યાંથી ઝાડીઓ દૂર કરવામાં આવી હતી. આગના પગલે ઉના નગરપાલિકા ફાયર વિભાગને જાણ કરાતા બે ગાડીઓએ ઘટના સ્થળે પહોંચી આગને કાબુમાં લીધી હતી. આ વિસ્તારમાં આગના કારણે બાવળના જંગલ બળીને ખાક થઈ ગયા હતા પરંતુ કોઈ જાનહાનિ થઈ નહોતી.

# દામનગરમાં જીવદયાની સરવાણી, સુરતની સંસ્થાએ પક્ષીઓ માટે વિનામૂલ્યે કુંડાનું વિતરણ કર્યું

દામનગર,તા.૧૬



તસવીર :વિનોદ જયપાલ

દામનગર ખાતે જય ભગવાન યુવક સેવા ચેરીટેબલ ટ્રસ્ટ, સુરતના સૌજન્યથી પક્ષીઓ માટે પાણીના કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. ભુરખીયા હનુમાનજી મંદિરના ટ્રસ્ટીઓના વરદહસ્તે ગાયત્રી મંદિર પરિસર ખાતે આ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. ભુરખીયા હનુમાનજી ટ્રસ્ટ પ્રેરિત જીવદયા નંદી સેવા ટ્રસ્ટ, લેઉવા પટેલ પ્રગતિ મંડળ, અનસૂયા ટ્રસ્ટ અને સિનિયર સિટીઝન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ચાલતા વિનામૂલ્યે છાસ વિતરણ કેન્દ્રના લાભાર્થીઓને ઘેર ઘેર પક્ષીઓના પીવાના પાણીના કુંડા પહોંચાડવામાં આવ્યા હતા. સુરતની આ સંસ્થાની જીવદયા પ્રત્યેની ભાવનાને ઉપસ્થિત આગેવાનોએ દેવતુલ્ય ગણાવી હતી. ભુરખીયા હનુમાનજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ દુષ્યંતભાઈ પારેખે દામનગરની સેવાભાવી સંસ્થાઓ પ્રત્યે સદ્ભાવના વ્યક્ત કરી હતી. ટ્રસ્ટીઓએ સેવાના કાર્યમાં જોડાયેલા તમામ સ્વયંસેવકોને પ્રેરણા આપતા સંદેશો આપ્યો હતો. આ પ્રસંગે વિવિધ ટ્રસ્ટના આગેવાનો અને સ્વયંસેવકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ચલાલામાં મેઘવાળ સમાજ દ્વારા ડો.આંબેડકરની ૧૩૪મી જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરાઈ

**સાંસદ, ધારાસભ્ય કૌશિક વેકરીયા, જે.વી.કાકડીયાની હાજરી**

ચલાલા,તા.૧૬



તસવીર : પ્રકાશ કારીયા

ચલાલામાં સમસ્ત મેઘવાળ સમાજ દ્વારા ભારત રત્ન, બંધારણના ઘડવૈયા અને મહામુનીમ એવા ડો. બાબાસાહેબ આંબેડકર ની ૧૩૪ મી જન્મ જંયતી નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યુ હતું. સાટોડીપરામાં આવેલ ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ધારાસભ્ય જે.વી. કાકડીયાએ ફુલહાર અને જયઘોષ કરાવી શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવ્યુ હતું. આ તકે રાજ્ય સરકારના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, નગરપાલિકા પ્રમુખ સહિતના રાજકીય સામાજીક આગેવાનો, વેપારી આગેવાનોએ ઉપસ્થિત રહી ડો.બાબાસાહેબની પ્રતિમાને ફૂલહાર કરી આંનદની લાગણી વ્યક્ત કરી હતી. શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનો જોડાયા હતા.

# કોડીનાર એસટી ડેપો દ્વારા મુસાફરોની સુવિધાની અવગણના: ડ્રાઈવર-કંડક્ટરની મરજી મુજબ સમય બદલાતા રોષ

ડોળાસા, તા.૧૬

કોડીનાર એસ.ટી.ડેપોમાં મુસાફરોની સુવિધાને બદલે ડ્રાઈવર અને કંડક્ટરની મરજી ચાલી રહી હોવાના આક્ષેપોથી ભારે ખળભળાટ મચી ગયો છે. મળતી માહિતી મુજબ, કોડીનારથી સવારે સાડા સાત વાગ્યે ઉપડતી કોડીનાર-કૃષ્ણનગર બસના સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. પરંતુ, કૃષ્ણનગર (અમદાવાદ)થી સવારે આઠ વાગ્યે ઉપડતી બસનો સમય અચાનક બદલીને વહેલી સવારે પાંચ વાગ્યાનો કરી દેવામાં આવ્યો છે. આ ફેરફાર પાછળનું કારણ ડ્રાઈવરને અમદાવાદના ટ્રાફિકમાં પડતી મુશ્કેલી જણાવવામાં આવી રહ્યું છે. મુસાફરોનું કહેવું છે કે આ ફેરફાર માત્ર ડ્રાઈવરની સગવડ માટે કરવામાં આવ્યો છે, જ્યારે મુસાફરોની સુવિધાની કોઈ કાળજી લેવામાં આવી નથી. સવારે પાંચ વાગ્યે બસ ઉપડવાના કારણે અમદાવાદ, અમરેલી, ઢસા અને ખાંભાથી ઉના-કોડીનાર મુસાફરી કરતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બસ ત્રણ કલાક વહેલી ઉપડવાના કારણે અમરેલી એક વાગ્યે અને ખાંભા બે વાગ્યે પહોંચે છે, જે મોટાભાગના મુસાફરો માટે અનુકૂળ નથી. વળી, આ સમયગાળા દરમિયાન કોડીનાર અને ઉના વચ્ચે અન્ય કોઈ બસની સુવિધા ઉપલબ્ધ ન હોવાથી મુસાફરો વધુ પરેશાન થઈ રહ્યા છે. આ મુસાફર વિરોધી નિર્ણયથી કોડીનાર ડેપો મેનેજર અને અમરેલી વિભાગીય નિયામક સામે લોકોમાં ભારે અસંતોષ ફેલાયો છે. જો આગામી દિવસોમાં કૃષ્ણનગર-કોડીનાર બસનો સમય રાબેતા મુજબ કરવામાં નહીં આવે તો કોડીનાર ડેપોના સંચાલકો સામે ઉપવાસ આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે.

## -//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૩૭/૨૦૨૫

**અરજદાર :-** શ્રી પરમાર પુંજીબેન પીઠાભાઈ
રહે. સાજીયાવદર, તા.જી.અમરેલી

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. સાજીયાવદર, તા.જી.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સાજીયાવદર ગામમાં અરજદારશ્રી પરમાર પુંજીબેન પીઠાભાઈ તેઓના પુત્રી મંજુલાબેન પીઠાભાઈ પરમાર ની જન્મ (તા.૦૧/૦૧/૧૯૬૮)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૦૮/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૩૨/૨૫ તા.૦૪/૦૪/૨૦૨૫

**વિવાદી :-** **ઘનશ્યામભાઈ લખમણભાઈ ગોરસીયા**
ઠે.છભાડીયા, તા.લાઠી, જી.અમરેલી,
મો. ૯૩૨૮૯૯૯૪૯૭
C/O એન.ડી.વઢેલ મુ.મેમદા, તા.લાઠી, મો. ૮૩૪૭૦૭૭૧૯૧

**વિરૂધ્ધ**

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી-વ- તલાટી કમ મંત્રીશ્રી
મુ.છભાડીયા, તા.લાઠી, જિ.અમરેલી

**// જાહેર નોટીસ //**
(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.છભાડીયા ગામના રહીશ આ કામના અરજદારશ્રીના પોતાનો નો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૯ ના રોજ છભાડીયા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૫/૦૩/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૧/૦૫/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

## -//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૪૨/૨૦૨૫

**અરજદાર :-** શ્રી નાથાભાઈ રવજીભાઈ ત્રાપસિયા
રહે. સુરત, બ્લ્યુ સીટી એન્ટરપ્રાઈઝ, એલ-૩૦૨,
સીમાડાનાકા, ગૌરવપાર્ક સોસાયટીની બાજુમાં,
સુરતસીટી, વરાછા રોડ, સુરત, તા.જિ.સુરત

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. સરંભડા, તા.જી.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સરંભડા ગામમાં અરજદારશ્રી નાથાભાઈ રવજીભાઈ ત્રાપસિયા તેઓના પુત્ર ત્રાપસિયા નિકુંજ નાથાભાઈ ની જન્મ (તા.૦૫/૦૮/૧૯૯૫)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૦૮/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કચેરી, ભેંસાણ

**-:: જાહેર નોટીસ ::-**

**કેસ.નં.જન્મ-મરણ/૧૩/૨૦૨૫**

શ્રી સુલેમાનભાઈ ગનીભાઈ માલવીયા
મું.ભેસાણ, તા.ભેંસાણ, જિ.જુનાગઢ .....વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી સુલેમાનભાઈ ગનીભાઈ માલવીયા દ્વારા તેમનો જન્મ તા.૧૪/૦૭/૧૯૬૪ના રોજ ગામ મોજે: ભેંસાણ, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની જન્મ નોંધ ગ્રામ પંચાયત કચેરી - ભેંસાણ, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૪ મી માહે એપ્રિલ સને: ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

**સહી,**
**(આઈ.આર.પારગી)**
**મામલતદાર અને**
**એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ**
**ભેંસાણ**

## -// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ/કેસ/રજી.નં.૩૯/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી વિક્રમભાઈ ઘેલાભાઈ મકવાણા
રહે.ડોળાસા, ગામ-ડોળાસા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....**અરજદાર**

વકીલશ્રી, વી.એ.ખખ્ખર તથા જે.બી.રાઠોડ, રહે.કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ડોળાસા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ડોળાસા ગામના રહીશ **શ્રી વિક્રમભાઈ ઘેલાભાઈ મકવાણા તથા શ્રી દેવિબેન વિક્રમભાઈ મકવાણાની પુત્રી શ્રી અસ્મિતાબેન વિક્રમભાઈ મકવાણા નો જન્મ તા.૨૭/૦૪/૧૯૯૨** નાં રોજ કોડીનાર તાલુકાના ડોળાસા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના ડોળાસા ગામના સને. ૧૯૯૨ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ **જન્મ** રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૭/૦૪/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(ડી.જી.વરમોરા)**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ/કેસ/રજી.નં.૩૮/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી વિક્રમભાઈ ઘેલાભાઈ મકવાણા
રહે.ડોળાસા, ગામ-ડોળાસા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....**અરજદાર**

વકીલશ્રી, વી.એ.ખખ્ખર તથા જે.બી.રાઠોડ, રહે.કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ડોળાસા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ડોળાસા ગામના રહીશ **શ્રી વિક્રમભાઈ ઘેલાભાઈ મકવાણા તથા શ્રી દેવિબેન વિક્રમભાઈ મકવાણાની પુત્રી શ્રી ભાવનાબેન વિક્રમભાઈ મકવાણા નો જન્મ તા.૨૧/૦૬/૧૯૮૭** નાં રોજ કોડીનાર તાલુકાના ડોળાસા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના ડોળાસા ગામના સને. ૧૯૮૭ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ **જન્મ** રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૭/૦૪/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(ડી.જી.વરમોરા)**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# મધ્ય અને પશ્ચિમ ભારતમાં ફરી ભીષણ ગરમી : હવામાન વિભાગ દ્વારા અનેક રાજ્યોમાં હીટવેવની આગાહી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૬




ઉત્તર, મધ્ય અને પશ્ચિમ ભારતમાં ફરી એકવાર ભીષણ ગરમીની અસર દેખાવા લાગી છે. કાળઝાળ ગરમીને કારણે લોકો માટે ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે. તે જ સમયે, કેટલાક રાજ્યોમાં વરસાદ, તોફાન અને વાવાઝોડું ચાલુ છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી પંજાબ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન, ગુજરાત અને મધ્યપ્રદેશ સહિત ઘણા રાજ્યોમાં ગરમીનું મોજું અને તાપમાનમાં તીવ્ર વધારો થવાની ચેતવણી આપી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજથી એટલે કે ૧૭ એપ્રિલથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાની ધારણા છે, જેના કારણે ઉત્તર-પશ્ચિમ ભારતમાં કેટલાક સ્થળોએ વરસાદ અને ભારે પવન ફૂંકાય તેવી શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજસ્થાનમાં ૧૯ એપ્રિલ સુધી ભારે ગરમી રહેશે. ૧૭-૧૯ એપ્રિલ દરમિયાન પણ ભારે ગરમી પડી શકે છે. ૧૭ અને ૧૯ એપ્રિલે ગુજરાત; ૧૭-૧૮ એપ્રિલ દરમિયાન પંજાબ, હરિયાણા અને પશ્ચિમ મધ્યપ્રદેશમાં પણ ગરમીનું મોજું રહેવાની શક્યતા છે. ૧૬-૧૮ એપ્રિલ દરમિયાન પશ્ચિમ રાજસ્થાનમાં છૂટાછવાયા સ્થળોએ અને ૧૭-૧૮ એપ્રિલના રોજ પૂર્વ રાજસ્થાનમાં ગરમીનું મોજું ફરી શકે છે.

# બિહારના મુઝફ્ફરપુરમાં ઘરોમાં આગ લાગતા પાંચ લોકોના મોત

**આગ ઝૂંપડપટ્ટીમાં ફેલાઈ જતા કરૂણાંતિકા સર્જાઈ**

મઝફ્ફરપુર,તા.૧૬



બુધવારે બિહારના મુઝફ્ફરપુરમાં દલિત વસાહતમાં ૫૦થી વધુ ઘરમાં આગ લાગી હતી. આ અકસ્માતમાં ચાર બાળક સહિત પાંચ લોકોનાં મોત થયા હતા. આ ઘટના બરિયારપુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના રામપુર મણિ પંચાયતમાં બની હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે ગોલક પાસવાનના ઘરમાં શોર્ટસર્કિટને કારણે આગ લાગી હતી અને થોડી જ વારમાં એ આગ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં ફેલાઈ ગઈ હતી. ડીએમએ વધુમાં જણાવ્યું હતું કે 'આગમાં ૪ બાળક અને એક વ્યક્તિનાં મોત થયાં છે.' એસડીએમને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા હતા. મૃતકોના પરિવારને વળતર આપવામાં આવશે અને લોકો માટે ૨ દિવસ માટે ખાવા-પીવાની વ્યવસ્થા કરવામાં આવી છે. સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે રાજુ પાસવાન નામની વ્યક્તિનાં ત્રણ બાળક બળીને ખાક થઈ ગયા હતા. આ બાળકોની ઉંમર ૧૨ વર્ષ, આઠ વર્ષ અને નવ વર્ષ હતી. ઘટના બાદ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

# રાજ ઠાકરે અન્ય પક્ષના નેતાને મળે તો મહારાષ્ટ્રના રાજકારણમાં આવતો ગરમાવો

મુંબઈ,તા.૧૬

રાજ ઠાકરેને એક સમયે બાળાસાહેબના રાજકીય વારસદાર તરીકે જોવામાં આવતા હતા, પરંતુ ઉદ્ધવ ઠાકરે સક્રિય થયા પછી, રાજ ઠાકરે શિવસેનાથી અલગ થઈ ગયા. મહારાષ્ટ્ર નવનિર્માણ સેના નામની પોતાની પાર્ટી બનાવ્યા પછી રાજ ઠાકરેને જે રાજકીય સફળતા મળી તે પાણીના પરપોટા જેવી હતી. ૨૦૧૪ અને ૨૦૧૯ની ચૂંટણીમાં મનસે ફક્ત એક જ બેઠક જીતી શકી હતી અને ૨૦૨૪માં ખાતું પણ ખોલી શકી ન હતી. મહારાષ્ટ્રના રાજકારણમાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલા રાજ ઠાકરે પોતાના પક્ષના રાજકીય અસ્તિત્વને બચાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. આ પછી પણ, જ્યારે પણ રાજ ઠાકરે અન્ય પક્ષના નેતાને મળે છે, ત્યારે મહારાષ્ટ્રમાં રાજકીય ગરમી વધી જાય છે. સીએમ દેવેન્દ્ર ફડણવીસથી લઈને શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેની રાજ ઠાકરે સાથેની મુલાકાત કે મંગળવારે એકનાથ શિંદે સાથેની મુલાકાત. છેવટે, મહારાષ્ટ્રના રાજકારણમાં રાજ ઠાકરે સાથેની રાજકીય મુલાકાત કેમ મહત્વપૂર્ણ બની જાય છે?

# તેલંગાણા સરકારને વૃક્ષો કાપવાના મામલે સુપ્રીમ કોર્ટની આકરી ટકોર

નવીદિલ્હી,તા.૧૬



તેલંગાણાના કાંચા ગોચીબોવલી વિસ્તારમાં વૃક્ષો કાપવાનો મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. આ મામલાની સુનાવણી સુપ્રીમ કોર્ટમાં થઈ હતી. સુનાવણી દરમિયાન કોર્ટે તેલંગાણા સરકાર પર પ્રશ્નો ઉઠાવ્યા હતા. કોર્ટે કહ્યું કે જો તમે તમારા મુખ્ય સચિવોને બચાવવા માંગતા હો તો અમને કહો કે તમે તે ૧૦૦ એકર જમીન કેવી રીતે પાછી મેળવશો? પ્રાણીઓ ક્યાં આશ્રય શોધી રહ્યા છે તે જોઈને અમને આશ્ચર્ય થાય છે.

સુનાવણી દરમિયાન જસ્ટિસ ગવઈએ પૂછ્યું કે ઉતાવળ શું હતી? એકસાથે ઘણા બધા બુલડોઝર તૈનાત કરવામાં આવ્યા. અમને સમજૂતીઓ નહીં પણ ઉકેલો જોઈએ છે. શું ઉતાવળ હતી ? ઘણા બધા બુલડોઝર તૈનાત કરવામાં આવ્યા. કૃપા કરીને અમને ઉકેલ જણાવો, નહીંતર અમને ખબર નથી કે તમારા કેટલા અધિકારીઓને કામચલાઉ ધોરણે નોકરી છોડવી પડશે. ૩ દિવસના વેકેશનમાં આટલું બધું કરવાની ઉતાવળ શું છે ? તે રજાઓ દરમિયાન બુલડોઝર લાવવામાં આવ્યા હતા. આપણે પર્યાવરણનું રક્ષણ કરવા માટે અહીં છીએ. કોર્ટે કહ્યું કે તે રાજ્ય પર નિર્ભર કરે છે કે તે તેના કેટલાક અધિકારીઓને કામચલાઉ જેલમાં મોકલવા માંગે છે કે નહીં. જંગલી પ્રાણીઓનું રક્ષણ કેવી રીતે કરી શકાય તે જુઓ. શહેરમાં હરિયાળી હોવી જોઈએ. સરકારે જણાવવું જોઈએ કે તે જંગલી પ્રાણીઓને બચાવવા માટે શું પગલાં લઈ રહી છે.

# સુપ્રીમના મુખ્ય ન્યાયાધીશ તરીકે બીઆર ગવઈના નામની ભલામણ

ન્યૂ દિલ્હી,તા.૧૬

ભારતના મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાએ તેમના અનુગામી તરીકે જસ્ટિસ બીઆર ગવઈના નામની સત્તાવાર ભલામણ કરી છે. તેમનું નામ કેન્દ્રીય કાયદા મંત્રાલયને મંજૂરી માટે મોકલવામાં આવ્યું છે. આ સાથે, જસ્ટિસ ભૂષણ રામકૃષ્ણ ગવઈ ભારતના ૫૨ મા મુખ્ય ન્યાયાધીશ બનવા જઈ રહ્યા છે. પરંપરાગત રીતે, વર્તમાન CJI તેમના અનુગામીના નામની ભલામણ ત્યારે જ કરે છે જ્યારે તેમને કાયદા મંત્રાલય દ્વારા આમ કરવાની વિનંતી કરવામાં આવે છે. વર્તમાન CJI સંજીવ ખન્નાનો કાર્યકાળ ૧૩ મેના રોજ સમાપ્ત થઈ રહ્યો છે. સીજેઆઈ ખન્ના પછી જસ્ટિસ ગવઈનું નામ સિનિયોરિટી લિસ્ટમાં છે. એટલા માટે જસ્ટિસ ખન્નાએ તેમનું નામ આગળ મૂક્યું છે. જોકે, તેમનો કાર્યકાળ ફક્ત ૭ મહિનાનો રહેશે. સુપ્રીમ કોર્ટની વેબસાઈટ પરની તેમની પ્રોફાઈલ મુજબ, જસ્ટિસ ગવઈને ૨૪ મે, ૨૦૧૯ના રોજ સુપ્રીમ કોર્ટના જજ તરીકે બઢતી આપવામાં આવી હતી. તેમની નિવૃત્તિ તારીખ ૨૩ નવેમ્બર, ૨૦૨૫ છે.

# પીએમ મોદી ભારતને બદલી શકતા નથી, અમે હિન્દુઓને મુસ્લિમ નહીં બનવા દઈએ : મમતા બેનર્જી

કોલકાતા,તા.૧૬



બંગાળમાં વક્ફ બિલ પર થયેલી હિંસા બાદ મમતા બેનર્જી ભાજપનું નિશાન બની ગયા છે. હવે મમતા બેનર્જીએ વળતો પ્રહાર કર્યો છે. મૌલવીઓ સાથેની મુલાકાત દરમિયાન તેમણે કહ્યું કે પીએમ મોદી ભારતને બદલી શકતા નથી. અમે હિન્દુઓને મુસ્લિમ નહીં બનવા દઈએ. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ કહ્યું કે ભાજપ બંગાળનું ધ્રુવીકરણ કરી રહ્યું છે. વિવાદાસ્પદ નિવેદન આપતાં તેણીએ કહ્યું કે હું દર વર્ષે નમાઝ અદા કરું છું. મમતા બેનર્જીએ કહ્યું કે દર વર્ષે હું ઈદ પર નમાજ અદા કરવા માટે રેડ રોડ જાઉં છું.

કોલકાતાના નેતાજી ઈન્ડોર સ્ટેડિયમમાં મૌલવી અને મૌલાનાઓના મેળાવડામાં મમતા બેનર્જીએ કહ્યું કે અમે બધા ધર્મો વચ્ચે સુમેળમાં માનીએ છીએ. હું રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદમાં માનું છું. હું તમને વિનંતી કરું છું કે ભાજપના નિવેદનોથી ઉશ્કેરાઈ ન જાઓ અને બંગાળમાં અશાંતિ ન ફેલાવો. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર તરફથી કેટલા યુવાનોને નોકરી મળી છે? દવાઓ, પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે, પરંતુ કેટલાક 'મીડિયા' ફક્ત બંગાળ વિરુદ્ધ જ બોલે છે. જો તમારે કંઈક કહેવું હોય, તો મારી સામે આવીને કહો, મારી પાછળ નહીં.

# નાસિકની દરગાહ બાબતે પથ્થરમારો થતા ૩૧ પોલસકર્મીઓ ઘાયલ : ૧૫ લોકોની ધરપકડ

(એચ.એસ.એલ),નાસિક,તા.૧૬



મહારાષ્ટ્રના નાસિકમાં દરગાહના બાંધકામ અંગે વિવાદ ચાલી રહ્યો છે. મંગળવારે રાત્રે આ અંગે હોબાળો થયો હતો. શહેરના કેટ ગલી વિસ્તારમાં રાત્રે પથ્થરમારાનો બનાવ બન્યો હતો, જેમાં ૩૧ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. ૫૭ શંકાસ્પદ મોટરસાયકલ જપ્ત કરવામાં આવી છે. પોલીસે ૧૫ લોકોની ધરપકડ કરી છે. એવું કહેવાય છે કે દરગાહ વિશે ફેલાયેલી અફવાઓને કારણે ભીડ ઉશ્કેરાઈ ગઈ હતી, ત્યારબાદ ભીડે વીજળી ગુલ થઈ જવાનો ફાયદો ઉઠાવ્યો અને પથ્થરમારો શરૂ કરી દીધો હતો. રમખાણો સમયે, ભીડનું કદ ૪૦૦ થી વધુ હતું અને રાત્રે ૫૦૦ પોલીસકર્મીઓ તૈનાત હતા. કોર્ટના આદેશ બાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ૧ એપ્રિલે દરગાહને નોટિસ મોકલી હતી. જેમાં કહેવામાં આવ્યું હતું કે દરગાહમાં ગેરકાયદેસર બાંધકામ જાતે જ દૂર કરવામાં આવે, નહીં તો કાર્યવાહી કરવામાં આવશે. આજે મહાનગરપાલિકા ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા માટે કાર્યવાહી કરી રહી છે. ઘટનાસ્થળે ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

# હજ ક્વોટામાં ઘટાડો થતાં ઓમર અને મહેબૂબાએ સાઉદી સરકાર સાથે વાત કરવા વિદેશ મંત્રીને અપીલ કરી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૬




સાઉદી અરેબિયાએ ભારતીયો માટે હજ ક્વોટામાં ૮૦ ટકાનો ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે, જેના કારણે દેશભરના મુસ્લિમ સમુદાયમાં ચિંતા ફેલાઈ ગઈ છે. સાઉદીના આ નિર્ણયથી કાશ્મીરના લોકો પણ મૂંઝવણમાં છે. આવી સ્થિતિમાં, પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીના વડા મહેબૂબા મુફ્તી અને જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરને મળીને અપીલ કરી છે. નેતાઓએ મંત્રીને આ બાબતે તાત્કાલિક સાઉદી અરેબિયા સરકાર સાથે વાત કરવા અપીલ કરી છે. સાઉદી અરેબિયાના આ નિર્ણયથી ૫૨,૦૦૦ થી વધુ ભારતીય હજ યાત્રીઓને અસર થશે, જેમાંથી સેંકડો જમ્મુ અને કાશ્મીરના છે.


# શેખ હસીના અને તેમના પુત્ર સહિત અન્ય ૧૬ લોકો સામે ભ્રષ્ટાચારના આરોપમાં કોર્ટ દ્વારા ધરપકડ વોરંટ

(એચ.એસ.એલ),ઢાકા,તા.૧૬

બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની મુશ્કેલીઓ વધી રહી છે. હવે બાંગ્લાદેશની એક કોર્ટે શેખ હસીના, તેમના પુત્ર સજીબ વાજેદ અને અન્ય ૧૬ લોકો વિરુદ્ધ નવું ધરપકડ વોરંટ જારી કર્યું છે. આ બધા પર ભ્રષ્ટાચારનો આરોપ છે. એવો આરોપ છે કે હસીના અને અન્ય આરોપીઓ રાજધાની ઢાકાની બહાર રહેણાંક પ્લોટની ફાળવણીમાં અનિયમિતતાઓમાં સામેલ હતા. ઢાકા મેટ્રોપોલિટન સિનિયર સ્પેશિયલ જજની કોર્ટે ભ્રષ્ટાચાર વિરોધી આયોગ દ્વારા દાખલ કરાયેલ ચાર્જશીટના આધારે પૂર્વાંચલ ન્યુ ટાઉનમાં જમીન ફાળવણીમાં અનિયમિતતાના બે કેસોમાં વોરંટ જારી કર્યા છે, કોર્ટના એક અધિકારીએ જણાવ્યું. ફરિયાદ પક્ષના વકીલના મતે, મોટાભાગના આરોપીઓ સરકારી અધિકારીઓ હતા. કોર્ટે પોલીસને આદેશ આપ્યો છે કે જો પૂર્વ વડાપ્રધાન અને અન્ય આરોપીઓની ધરપકડ કરવામાં આવે.

# જો વક્ફ એક્ટ પર નિર્ણય અમારા પક્ષમાં નહીં આવે તો અમે આખા ભારતને સ્થગિત કરી દઈશું : મૌલાના

(એચ.એસ.એલ),કોલકાતા,તા.૧૬




પશ્ચિમ બંગાળના ઉત્તર દિનાજપુર જિલ્લાના અખિલ ભારતીય ઈમામ સંઘના જિલ્લા પ્રમુખ હોવાનો દાવો કરતા એક વ્યક્તિએ ધમકી આપી અને કહ્યું કે અમે તારીખની રાહ જોઈ રહ્યા છીએ. જો નિર્ણય અમારા પક્ષમાં આવે, એટલે કે, જો કોર્ટ કહે કે તે (વક્ફ સુધારો અધિનિયમ) અમાન્ય છે અને તેને કાયદો ગણી શકાય નહીં, તો તે અમારા પક્ષમાં હશે અને અમે કોઈ કાર્યવાહી કરીશું નહીં. આપણે શાંતિથી રહીશું. પરંતુ જો ચુકાદો આપણી વિરુદ્ધ આવે, જો વક્ફ બોર્ડના કાયદાને પહેલાની જેમ રાખવામાં ન આવે, જો કાયદામાં કોઈ ફેરફાર કરવામાં આવે તો રસ્તાઓ અને શેરીઓ હંમેશા જામ રહેશે. આ વીડિયોમાં મૌલાના કહેતા જોવા મળે છે - દરેક જગ્યાએ રેલવે બ્લોક કરવામાં આવશે. આપણે પહેલા ટ્રેનો રોકીશું. અમે શહેરોમાં આ નહીં કરીએ. આપણે બધું જ બંધ કરીશું. અમે સમગ્ર ભારતને સ્થિર કરી દઈશું.

# અમેરિકા સાથે ટેરિફ યુધ્ધ વચ્ચે ચીની દુતાવાસે ચાર મહિનામાં ૮૫ હજાર ભારતીયોને વિઝા આપ્યા


વોશિંગ્ટન,તા.૧૬




એક તરફ ચીન અને અમેરિકા વચ્ચે વેપાર યુદ્ધ ચાલી રહ્યું છે, તો બીજી તરફ ભારત અને ચીન વચ્ચેના સંબંધો સતત સુધરી રહ્યા છે. આ એટલા માટે કહી શકાય કારણ કે ભારતમાં ચીની દૂતાવાસે ૧ જાન્યુઆરીથી ૯ એપ્રિલ, ૨૦૨૫ વચ્ચે ૮૫,૦૦૦ થી વધુ ભારતીય નાગરિકોને વિઝા આપ્યા છે. ચીનના રાજદૂત ઝુ ફેઈહોંગના જણાવ્યા અનુસાર, ૯ એપ્રિલ, ૨૦૨૫ સુધીમાં, ભારતમાં ચીની દૂતાવાસ અને કોન્સ્યુલેટ્સે આ વર્ષે ચીનની મુસાફરી કરતા ભારતીય નાગરિકોને ૮૫,૦૦૦ થી વધુ વિઝા જારી કર્યા છે. વધુ ભારતીય મિત્રોનું ચીનની મુલાકાત લેવા અને ખુલ્લા, સલામત, પ્રામાણિક અને મૈત્રીપૂર્ણ ચીનનો અનુભવ કરવા માટે સ્વાગત છે, તેમણે X પર લખ્યું. ભારતીય અરજદારો હવે કોઈપણ પૂર્વ ઓનલાઈન એપોઈન્ટમેન્ટ વિના કામકાજના દિવસોમાં સીધા વિઝા સેન્ટરો પર તેમની વિઝા અરજીઓ સબમિટ કરી શકે છે. ટૂંકા ગાળા માટે ચીનની મુલાકાત લેતા પ્રવાસીઓને બાયોમેટ્રિક ડેટા પ્રદાન કરવામાં મુક્તિ આપવામાં આવે છે, જેનાથી પ્રક્રિયા સમય ઓછો થાય છે. વિઝામાં વધારો ભારત અને ચીન વચ્ચેના બદલાતા સંબંધોને પ્રતિબિંબિત કરે છે. આ બંને દેશોના સાંસ્કૃતિક, શૈક્ષણિક, વેપાર અને પર્યટનને પ્રોત્સાહન આપવા માટે એક મોટી પહેલ છે.

# સુદાનમાં પરિસ્થિતિ કાબુ બહાર : રાહત શિબિરો પર થયેલા હુમલામાં ૩૦૦થી વધુ નાગરિકોના મોત

સંયુક્ત રાષ્ટ્ર,તા.૧૬



સુદાનમાં હિંસા ચાલુ છે. આફ્રિકન દેશમાં લગભગ બે વર્ષથી ગૃહયુદ્ધ ચાલી રહ્યું છે. દારફુર ક્ષેત્રમાં બે દિવસ સુધી ચાલેલી ભીષણ લડાઈમાં ૩૦૦ થી વધુ નાગરિકો માર્યા ગયા છે. સંયુક્ત રાષ્ટ્રની માનવતાવાદી સહાય એજન્સીએ આ અંગે માહિતી આપી છે. યુએનના એક અધિકારીએ જણાવ્યું હતું કે ઉત્તર દારફુરમાં બે રાહત શિબિરો પર હુમલો કરવામાં આવ્યો હતો.

અધિકારીના જણાવ્યા અનુસાર, શરૂઆતના હુમલા પછી જે માહિતી બહાર આવી હતી તે એ હતી કે ૧૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા. મૃતકોમાં ઘણા બાળકોનો પણ સમાવેશ થાય છે. દરમિયાન, હવે જે માહિતી બહાર આવી રહી છે તે મુજબ, મૃતકોની સંખ્યા ઘણી વધારે છે. સ્થાનિક સ્ત્રોતોમાંથી મળેલી માહિતી અનુસાર, ૩૦૦ થી વધુ નાગરિકો માર્યા ગયા છે, જેમાં ૧૦ માનવતાવાદી સહાય કાર્યકરોનો સમાવેશ થાય છે.

તમને જણાવી દઈએ કે સુદાન એક આફ્રિકન દેશ છે જે લાંબા સમયથી રાજકીય અસ્થિરતા, લશ્કરી સંઘર્ષ અને આંતરિક સંઘર્ષોનો સામનો કરી રહ્યો છે. અહીં ગૃહયુદ્ધ એક જટિલ કટોકટી છે જેના ઘણા કારણો છે.

# સરકારી કર્મચારી માટે મોંઘવારી ભથ્થામાં ૨%નો વધારો કરતી રાજ્ય સરકાર

**૪.૭૮ લાખ કર્મચારીઓ અને ૪.૮૧ લાખ પેન્શનર્સને લાભ મળશે**

ગાંધીનગર,તા.૧૬

ગુજરાત સરકારે સરકારી કર્મચારીઓને ખુશખબર આપ્યા છે. બુધવારે મળેલી કેબિનેટની બેઠકમાં રાજ્યના સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વધારો કર્યો છે. સાતમા પગારપંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૨ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના જે કર્મયોગીઓ છઠ્ઠા પગાર પંચનો લાભ મેળવતા હતા એ કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૬ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ પહેલાં રાજ્ય સરકારે ડિસેમ્બર, ૨૦૨૪માં ૧ જુલાઈ



૨૦૨૪થી ૩ ટકાનો વધારો કરી ૫૩ ટકા મોંઘવારી ભથ્થું મંજૂર કર્યું હતું. છઠ્ઠા તેમજ સાતમા પગાર પંચનો લાભ મેળવતા રાજ્ય સેવાના અને પંચાયત સેવા તથા અન્ય મળી ૪.૭૮ લાખ કર્મચારીઓ અને ૪.૮૧ લાખ પેન્શનર્સને લાભ મળશે. આ મોંઘવારી ભથ્થાની ૩ માસની એટલે કે ૧ જાન્યુઆરી ૨૦૨૫થી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીની તફાવતની રકમ એક હપતામાં એપ્રિલ-૨૦૨૫ના પગાર સાથે ચૂકવાશે.

# રાજકોટમાં સિટી બસના ચાલકે અડફેટે લેતા ૪ લોકોના મોત નિપજ્યા

રાજકોટ,તા.૧૬

રાજકોટમાં એક ભયાનક અકસ્માતની ઘટના સામે આવી છે. શહેરના ઈન્દિરા સર્કલ પાસે બેફામ ગતિએ બસ દોડાવી રહેલા સિટી બસ ચાલકે અનેક વાહનો અને ૬ લોકોને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં ૪ લોકોના મોત નિપજ્યા છે. જ્યારે સુરેશ ધર્મેશભાઈ રાવલ, વિશાલ મકવાણા, વિરાજબા ખાચર અને



બસચાલક શિશુપાલસિંહ રાણાને ગંભીર ઈજા પહોંચતાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતમાં કિરણબેન કક્કડ, ચિન્મયભાઈ, સંગીતાબેન બેલ બહાદુર નેપાળી, (ઉંમર ૪૦) જે બ્યૂટીપાર્લરમાં નોકરી કરે છે અને રાજુભાઈ મનુભાઈ ગીડા (ઉંમર ૩૫) જેઓ રાજકોટ મહાનગરપાલિકામાં ક્લાર્ક તરીકે ફરજ બજાવે છે તેમનો સમાવેશ થાય છે. અકસ્માતની દુર્ઘટનામાં મૃત્યું પામેલા લોકોના પરિવારજનોને ૧૫ લાખ અને ઈજાગ્રસ્તોને ૨ લાખની સહાય આપવાની રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જાહેરાત કરવામાં આવી છે.

# અમદાવાદમાં લોકોને અડફેટે લેનાર કારચાલકને ટોળાએ માર મારતા મોત

અમદાવાદ,તા.૧૬

અમદાવાદમાં ૧૫ એપ્રિલ ૨૦૨૫ની સાંજે એક ટેક્સી-ડ્રાઈવરે તરખાટ મચાવ્યો હતો. બેફામ કારચાલક કૌશિક ચૌહાણે વાસણા વિસ્તારથી અકસ્માત સર્જી લોકોને અડફેટે લેવાનું શરૂ કર્યું હતું અને જુહાપુરા જઈ ગાડી અટકી હતી. અકસ્માતના CCTV હાલ સામે આવ્યા છે. ગાડી અટકતાં ટોળાએ કારચાલકને માર મારતા ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. પોલીસ



ઘટનાસ્થળે પહોંચી ત્યારે ડ્રાઈવર મૃત હાલતમાં ગાડી આગળ પડ્યો હતો. પોલીસે ઈસનપુરમાં રહેતા કારચાલક કૌશિક ચૌહાણના મોત મામલે હત્યાનો ગુનો નોંધીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# રાજ્યમાં વધુ કાળઝાળ ગરમી પડશે : હવામાન વિભાગ દ્વારા ચાર દિવસ હીટવેવની આગાહી

રાજકોટ,તા.૧૬

છેલ્લા કેટલાક દિવસોથી ગુજરાતમાં કાળઝાળ ગરમી પડી રહી છે અને હવામાન વિભાગે આગામી ચાર દિવસ સુધી હીટવેવની આગાહી કરી છે. જેમાં કચ્છ જિલ્લામાં ૬-૭ એપ્રિલ ૨૦૨૫ ના રોજ યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં પારો વધી રહ્યો છે અને હવામાન વિભાગે ઉષ્ણ લહેરની ચેતવણી આપતા ઑરેન્જ અને યલો એલર્ટ જારી કર્યું છે. દરમિયાન,ભુજમાં મહત્તમ તાપમાન ૪૪.૫ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે દરિયાકાંઠાના વિસ્તારોમાં હવામાન ગરમ અને ભેજવાળું રહેશે. ગુજરાતમાં તીવ્ર ગરમી પડી રહી છે, ત્યારે આજે



રાજ્યમાં ગરમીના મોજા સાથે યેલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. કચ્છ, રાજકોટ અને બનાસકાંઠામાં ગરમીના મોજા સાથે યેલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, અમદાવાદમાં તાપમાન ૪૪ ડિગ્રી, ગાંધીનગરમાં ૪૪ ડિગ્રી, રાજકોટમાં ૪૪ ડિગ્રી, કંડલામાં ૪૧ ડિગ્રી, ડીસામાં ૪૪ ડિગ્રી, વડોદરામાં ૪૧ ડિગ્રી, ભુજમાં ૪૩ ડિગ્રી અને વલ્લભ વિદ્યાનગરમાં ૪૩ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

# જૂનાગઢ-ધોરાજી રોડ પર કાર-બાઈક વચ્ચે અકસ્માત : ત્રણના મોત

જૂનાગઢ,તા.૧૬

જૂનાગઢ-ધોરાજી રોડ પર કાર અને બાઈક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. ગમખ્વાર અકસ્માતમાં ત્રણ યુવકના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. સરગવાડા ગામમાં ત્રણેય યુવકનો એક સાથે જનાજો નીકળતા ગામમાં શોકમય માહોલ છવાયો હતો. સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જૂનાગઢ-ધોરાજી રોડ પર ત્રિપલ સવારી જઈ રહેલા બાઈકચાલકને



કારચાલકે ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં આમિર અબડા, અલ્ફેઝ કાઠી અને અરમાન સૈયદનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. બનાવને પગલે મૃતકોના પરિવારોમાં શોકનો માહોલ છવાયો છે.

# જેતપુરમાં સાડીના કારખાનામાંથી ૩૧ બાળમજૂરોને મુક્ત કરાવાયા



જેતપુર,તા.૧૬

ગુજરાત સહિત દેશભરમાં બાળમજૂરી કરાવવી ગુનો છે. તેમ છતાં અનેક જગ્યાએ લોકો નાના ભૂલકાઓનું ભવિષ્ય અંધકારમાં ધકેલતા જોવા મળે છે. આવી જ એક ઘટના ગુજરાતના જેતપુરમાંથી સામે આવી છે. જેતપુરના સાડીના કારખાનામાંથી ૩૧ જેટલાં બાળમજૂરોને મુક્ત કરાયા છે. આ બાળમજૂરો ગુજરાત સહિત વિવિધ રાજ્યોમાંથી લાવવામાં આવતા હતા અને અહીં કામ કરાવવામાં આવતું હતું. જેતપુરમાં સાડીના કારખાનામાં બાળકો પાસે કામ કરાવવામાં આવતું હોવાની એક NGOને બાતમી મળી હતી. ત્યારબાદ પોલીસ સાથે મળીને બાતમીના સ્થળે દરોડા પાડવામાં આવ્યા હતાં. દરોડા દરમિયાન સાડીના બે કારખાનામાંથી ૩૧ જેટલાં બાળમજૂરો મળી આવ્યા હતાં. આ બાળમજૂરો વિશે તપાસ કરતા સામે આવ્યું કે, ગુજરાત સહિત મધ્ય પ્રદેશ, બિહાર અને ઝારખંડ જેવા રાજ્યોમાંથી તેમને અહીં લાવીને અહીં ગોંધી રાખી કામ કરાવવામાં આવતું હતું. હાલ આ તમામ બાળમજૂરોને કારખાનામાંથી મુક્ત કરાવી ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા હતા. 'બચપન બચાવો' સંસ્થા અને પોલીસે બન્ને કારખાનામાંથી ૩૧ બાળકોનું રેસ્ક્યુ કરાવી મુક્ત કર્યા હતા. અહીં કેટલાક કારખાનામાં સાડીઓની ઘડી ઈસ્ત્રી કરતા પરપ્રાંતીય બાળકોને પગાર આપ્યા વગર ગોંધી રાખીને તેમની પાસે મજૂરી કરાવાતી હોવાનું પણ સામે આવ્યું હતું. જેતપુરના દાતાર તકિય પાસે આવેલા નામ વગરના ચલાવતા સાડીના ફિનિશિંગ કારખાનામાંથી ૨૫ જેટલા બાળમજૂરો અને ભાદરના સામા કાંઠે ખુલ્લા ફાટકની સામે આવેલા રાજહંસ ટેક્સટાઇલમાંથી ૬ મળી કુલ ૩૧ બાળમજૂરો પાસે મજૂરી કરાવવામાં આવતી હતી. આ તમામ બાળમજૂરોને ઉદ્યોગનગર પોલીસ સ્ટેશને લાવીને રાજકોટ બાળ સુરક્ષા ગૃહ ખાતે મોકલવામાં આવ્યા હતા અને ત્યાંથી તમામને તેમના વતન મોકલવામાં આવશે.



















